વૈદિક અથર્વવેદ સતપંથ ઇતિહાસ એક ઝલક

શોધયાત્રા

વિશ્રામભાઇ રતનસીભાઇ રૂડાણી
(નિવૃત્ત પ્રિન્સિપાલ)
મૂળ વતન : દેવપર (યક્ષ), તા. નખત્રાણા
હાલ : ભુજ-કચ્છ / અમદાવાદ.

પ્રેરક

રતનસીભાઇ લાલજી હળપાણી
મૂળ વતન : વિથોણ, તા. નખત્રાણા
હાલ : હરીપર (નિરોણા)

1) This book relies of unknown / non-existent source of book/information, which is not credible.
2) Further the author relies on verbal information provided by few select individuals.
3) He has not commented on the information / knowledge / work of other highly reputed authors / credible government and university records, which are contrary to his findings/opinion.
4) Author likes to rely on few individuals, who can be very well misusing him, and does not rely on people of high repute and respect of the KKP Community and ABKKP Samaj and also does not bother to mention the authentic historical records of ABKKP samaj.
5) The author as adopted a strategy of maintaining the popular historical mile stones and connecting them with cocked up stories, so that a message comes out in a way which benefits Satpanth / Satpanthis.
6) Many more points can be raised, after reading the book.

વૈદિક અથર્વવેદ સતપંથ ઈતિહાસ એક ઝલક

શોધયાત્રા

વિશ્રામભાઇ રતનસીભાઇ રૂડાણી
(નિવૃત્ત પ્રિન્સિપાલ)
મૂળ વતન : દેવપર (યક્ષ), તા. નખત્રાણા
હાલ : ભુજ-કચ્છ / અમદાવાદ.

પ્રેરક

રતનસીભાઇ લાલજી હળપાણી
મૂળ વતન : વિથોણ, તા. નખત્રાણા
હાલ : હરીપર (નિરોણા)

વૈદિક અથર્વવેદ સતપંથ ઇતિહાસ એક ઝલક

પ્રકાશક

વિશ્રામભાઈ આર. રૂડાણી

૨, વિશ્રામપાર્ક સોસાયટી,
આર.સી.પટેલ સ્કૂલ સામે,
વાસણા, અમદાવાદ- ૩૮૦૦૦૭
મો. ૯૪૨૭૬૧૬૭૯૪

પ્રથમ આવૃતિ
૧૫.૮.૨૦૧૩ (સ્વાતંત્ર્ય દિન)

મુલ્ય : અમુલ્ય

As per SanatanSatpanth.org and as per Imam Shah Jivan Vruttant, Real Patidar Book ID 304, Page 65, year of birth is 1440

Birth place is Uch, Multan, Punjab, Pakistan

વૈદિક અથર્વવેદ સતપંથ ઇતિહાસ - એક ઝલક

ઇરાનશાહ (સંવત ૧૫૨૨ - સંવત ૧૬૧૭)

મોગલ બાદશાહે સંવત ૧૫૨૯માં ગુજરાતના એક રજવાડા પર ચડાઈ કરી અને તેને જીતી લીધું. રાજ પરિવારજનોને મારી નાખ્યાં. દૈવયોગે સાત વર્ષનો બાળક એવો તે રાજ ઘરાનાનો રાજકુમાર બચી ગયો. વૃધ્ધ એવા એક લેવા પટેલે તેને બચાવ્યો અને પુત્ર તરીકે ઉછેરવાનું શરૂ કર્યું. પરંતુ મુસ્લીમ સલ્તન-નવાબની બીકે સુરતના એક પારસી સજ્જનને બધી વાતની જાણ કરી. સદર પારસી ગૃહસ્થે રાજકુમારના ઉછેરની અને રક્ષણની જવાબદારી સ્વીકારી. સાવચેતીને લક્ષમાં લઈને તેના અસલ નામને બદલે તેનું નામ ઈરાનશાહ રાખ્યું. તેને પોતાના પુત્ર તરીકે ઉછેર્યો અને અભ્યાસ કરાવ્યો. કોઈ ચુગલીખોર નવાબને રાજકુમારની અસલ ઓળખ અંગે જાણ કરી દેશે તો રાજકુમાર પર ખતરો ઉભો થવા સંભવ છે તેવી પારસી ગૃહસ્થને સતત દહેશત રહેતી હતી. દરમ્યાન સંવત ૧૫૩૯માં નર્મદા કિનારાના એક આશ્રમથી સુરત ખાતે એક બ્રહ્મચારી વિદ્વાન સ્વામીની પધરામણી થઈ. પારસી ગૃહસ્થે આ સ્વામીની અંગત મુલાકાત લઈ તેને સર્વ વિગતથી અવગત કરાવ્યા અને રાજકુમારના રક્ષણ અંગેની પોતાની આશંકા વ્યકત કરી. સ્વામીજીએ આ રાજકુમારને પોતાને સોંપવાનું કહ્યું અને તે રીતે પારસી ગૃહસ્થને રાજકુમારના રક્ષણની જવાબદારીમાંથી મુકત કર્યા. સ્વામીજી રાજકુમારને પોતાના નર્મદા કિનારે આવેલા આશ્રમમાં લઈને આવ્યા. તે વખતે તેની ઉંમર ૧૭ વર્ષની હતી. સ્વામીજીએ ઈરાનશાહને વૈદિક પરંપરા મુજબનું શિક્ષણ પ્રદાન કરવાનું શરૂ કર્યું. ઈરાનશાહે ટુંકા ગાળામાં આયુર્વેદ સહિતની સંપૂર્ણ વૈદિક વિદ્યા મેળવી લીધી. સિધ્ધહસ્ત આયુર્વેદાચાર્ય તરીકે તેમની નામના અને પ્રસિધ્ધિની સુવાસ ચોતરફ ફેલાઈ ગઈ.

Source of this information?

Iranshah

Which swami?

No great work upto 42 years

સંવત ૧૫૬૪માં ઈરાનશાહની વય ૪૨ વર્ષની થઈ. તે દરમ્યાન અમદાવાદના બાદશાહની પુત્રી અસાધ્ય રોગથી પિડિત હતી. તેના રાજયના હકિમો અને વૈદોએ સારવાર કરવામાં કોઈ કચાશ રાખી નહીં. તેમ છતાં તેમને સફળતા મળી શકી નહીં. આ સમાચાર ઈરાનશાહને મળતાં પોતાના ગુરૂ પાસે રાજકુમારી(શાહજાદી)ની સારવાર કરવાની પરવાનગી માગી. ગુરૂની અનુમતિ મળતાં ઈરાનશાહ અમદાવાદ આવ્યા અને શાહજાદી (રાજકુમારી)ની સારવાર શરૂ કરી. અઢી મહિનાની સારવારથી શાહજાદી સંપૂર્ણ સ્વસ્થ થઈ. બાદશાહ ખુશ થયો અને ઈરાનશાહને જે માગે તે આપવાની પોતાની

This book is false and is written by a Satpanth supporter with the aim of falsely projecting Satpanth to be a part of Hindu religion

તત્પરતા વ્યકત કરી. પોતાના ગુરૂની આજ્ઞાનુસાર પોતે પોતાની ઈચ્છા વ્યકત કરશે તેમ જણાવી ઈરાનશાહે આશ્રમે પરત જવાની તૈયારી કરી. તેમને માનભેર વિદાય કર્યા. પોતાને મળેલ ભેટ સોદાગો તેમણે આશ્રમે આવી ગુરૂચરણે અર્પણ કરી તેમજ બાદશાહે તેમને અન્ય જે માંગણી હશે તે પણ પુરી કરશે તેવી આપેલી બાંહેધરીની પણ ગુરૂને વાત કરી. ગુરૂએ બાદશાહના રાજયમાં વૈદિક આશ્રમ ખોલવા અને તેના માટે જરૂરી તમામ સગવડ આપવા અંગે બાદશાહ પાસે માંગ કરવા જણાવ્યું. તે અનુસાર ઈરાનશાહ અમદાવાદ આવ્યા અને બાદશાહ પાસે તેમના રાજયમાં વૈદિક આશ્રમ બનાવવાની તેમના ગુરૂની ઈચ્છા જણાવી. બાદશાહે આશ્રમ માટે જમીન, કોટ અને મકાનો બનાવી આપવાની તથા આશ્રમની સુરક્ષા માટે સિપાહીઓ વગેરે જરૂરીયાતો પૂરી કરવાની ખાત્રી આપી. ઈરાનશાહે ગીરમટા ટેકરીની જમીન પસંદ કરી. બાદશાહના હુકમ અનુસાર આશ્રમનું કાર્ય તત્કાળ શરૂ કરવામાં આવ્યું. બે વર્ષના ટુંકા સમયમાં જ સંવત ૧૫૬૬માં બાંધકામ પૂર્ણ થતાં ત્યાં વૈદિક આશ્રમની શરૂઆત કરવામાં આવી. આ આશ્રમની સુરક્ષાની જવાબદારી બાદશાહના લશ્કરના સિપાહીઓની એક ટુકડી - સૈયદોને સોંપવામાં આવી. આશ્રમના નિભાવ માટે બાદશાહે ઈરાનશાહને આશ્રમ નજીક મોટા પ્રમાણમાં જમીન એનાયત કરી. આ જમીનને ખેડવા માટે - ખેતી માટે ખેડૂતોની જરૂરીયાત ઊભી થઇ. પંજાબમાંથી સ્થળાંતર થયેલ આપણા વડવાઓ ઊંઝા અને આસપાસના વિસ્તારોમાં ખેતી વ્યવસાય માટે વસવાટ કરતા તે કુંટુંબોમાં પોતાની પાસેની જમીનના પ્રમાણમાં સભ્યોની સંખ્યા વધુ થતાં ફાજલ સભ્યોને અન્યત્ર જવાની આવશ્યકતા ઉભી થઈ. ગીરમટા ખાતે ખંતીલા, પ્રમાણિક અને મહેનતુ ખેડૂતોની આવશ્યકતા ઉભી થતાં આવા ફાજલ ખેડૂતોએ ગીરમટા ખાતે સ્થળાંતર શરૂ કર્યું તેમજ અન્યત્ર પણ જયાં ખેતીની જમીન ઉપલબ્ધ હોય ત્યાં વિવિધ સ્થળોએ સ્થળાંતર કર્યું. શ્રીમાન પુરૂષોત્તમભાઈ પરીખ લિખિત પુસ્તક : કુર્મિ ક્ષત્રિયનો ઈતિહાસમાં પણ આ સ્થળાંતરનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગીરમટા સ્થળે પ્રથમ રામાણી પરિવાર આવ્યું. ત્યારબાદ એક પછી એક આપણા વડવાઓ ગીરમટા ખાતે આવતા ગયા.

King was of Ahmedabad. Name?

Pirana was started in 1566

Land given? there must reflection in land records.

Out of Context and Selective reference.

History of Ramani Parivar - check

ઈરાનશાહે ગુરૂની આજ્ઞાનુસાર ગીરમટા ખાતે વેદપીઠ સ્થાપી અને ત્યાં વૈદિક જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા. ઈરાનશાહ વેદોના અભ્યાસુ હતા. તેઓ તેમાંય ખાસ કરીને અથર્વવેદના પ્રખર અભ્યાસી અને સંશોધક હતા. તેઓએ અથર્વવેદી સતપંથની સ્થાપના કરી. આશ્રમના આશ્રિત એવા સૌ સભ્યો અથર્વવેદી સતપંથ માર્ગના સેવકો- અનુયાયીઓ બન્યા. એ રીતે આપણા વડવાઓ જનોઈ ધારણ કરી વૈદિક પરંપરાને અનુસરતા થયા.

Why only one ved?

શું પહેલા જનોઈ પહેરતા નોહતા?

This book is false and is written by a Satpanth supporter with the aim of falsely projecting Satpanth to be a part of Hindu religion

ગીરમટા ખાતે ખેતીની જમીન માટે જરૂર પુરતા ખેડૂતો પૂરા થઇ જતાં બાકીનાં આવેલ વધારાનાં પરિવારોને થાળે પાડવાનો પશ્ન ઉભો થયો. દરમ્યાન કચ્છના તે સમયના રાજવીને કચ્છની પડતર અને બંજર જમીનને ખેતી લાયક બનાવવા ખંતીલા, પ્રમાણિક અને નિષ્ઠાવાન ખેડૂતોની જરૂરિયાત ઉભી થતાં અને બાવા ઈરાનશાહને ત્યાં ગીરમટા ખાતે આવા ખેડૂત પરિવારો ઉપલબ્ધ છે તેવી જાણ થતાં, જાડેજા ભારમલજી અને બાવા ઈરાનશાહ વચ્ચે સંર્પક સૂત્રો થકી વાટાઘાટો થઇ. થયેલ સમજુતિ અનુસાર ઈરાનશાહે, જાડેજા બાપુ દ્વારા શીકરા ખાતે ઉભા કરાયેલા કેમ્પ સુધી ફાજલ ખેડૂતોને પહોંચતા કરવાના હતા અને ત્યાંથી કચ્છના જે વિસ્તારોને ક્રમેક્રમે ફળદ્રુપ બનાવવાની યોજના બનતી જાય તે તે વિસ્તારોમાં આ ખેડૂતોને પહોંચાડવાની અને ત્યાં તેમને જરૂરી સગવડો આપવાની જવાબદારી જાડેજા રાજવીના અમલદારોએ બજાવવાની હતી. તે રીતે સંવત ૧૫૯૦ થી ૧૫૯૨ દરમ્યાન આપણા વડાવાઓ ગીરમટા અને કેટલાક અન્ય સ્થળોથી વાયા શીકરા કચ્છમાં આવતા ગયા, જુદાં જુદાં ગામો વસાવતા ગયા અને સ્થિર થતા ગયા. શ્રીમાન પુરૂષોત્તમદાસ પરીખ લિખિત પુસ્તક કુર્મિ ક્ષત્રિયનો ઈતિહાસમાં પણ ગીરમટા અને અન્ય સ્થળોએથી આપણા વડવાઓનું વાયા શીકરા કચ્છમાં સ્થળાંતર થયું અને તેઓએ વિવિધ ગામો વસાવ્યાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

Records of Kutch Jadeja on migration of KKP community should be checked.

To check records of Vahivancha, on year of migration

સંવત ૧૬૧૭માં બાવા ઈરાનશાહ ૯૫ વર્ષની વયે પહોંચતાં તેમને તેમના નિર્વાણનો આગોતરો અણસાર થતાં, તેમણે તેમના પછી આશ્રમના સંચાલન માટેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવા હેતુ આશ્રમવાસીઓની તથા સર્વે આશ્રિતોની મિટીંગ બોલાવી. તેમના ગયા પછી આશ્રમનું વ્યવસ્થા તંત્ર ગોઠવવા સૌ સાથે ચર્ચા અને પરાર્મશ કર્યા. આશ્રમવાસીઓ તથા સૌ આશ્રિતોએ તે માટે ઈરાનશાહને તે અંગેનો નિર્ણય લેવા વિનંતિ કરી અને તેઓ જે નિર્ણય કરશે તેનો સર્વ સંમતિથી સહુ સ્વીકાર કરશે તેમ જણાવ્યું. ઈરાનશાહે રામાણી પરિવારના મગનભાઈને આ આશ્રમના ગાદીપતિ તરીકે નિયુકત કરવાનું સૂચવ્યું; જેનો સૌએ સહર્ષ સ્વીકાર કર્યો. ઈરાનશાહનો ઉછેર પ્રાથમિક તબક્કે પારસી પરિવારમાં થયો હતો અને પારસી પરિવારમાં પરિવારના સેવકને કાકા તરીકે સંબોધન કરાય છે તે રીતે આશ્રમમાં ગાદિપતિ એવા વરિષ્ઠ સેવકને કાકાસાહેબ તરીકે સંબોધવાનું તેમને સૂચવ્યું. તે રીતે ગીરમટા ખાતેના અથર્વવેદી સતપંથ આશ્રમના ગાદીપતિને કાકાસાહેબ કહેવાનો સીલસીલો ચાલુ થયો. સંવત ૧૬૧૭માં બાવા ઈરાનશાહ નિર્વાણ પામ્યા અને ત્યાં તેમની સમાધિ રચાઈ. જયાં બાવા ઈરાનશાહે જે પવિત્ર જયોતની સ્થાપના કરી હતી તેને અખંડ જયોત તરીકે જલતી રખાઈ; જે આજે પણ ત્યાં મોજુદ છે.

This is false. It was Leva Patidar, Shana Kaka

This could again be false. Check with

સંવત ૧૬૧૭ - ૧૮૦૦ આસપાસ

અથર્વવેદી સતપંથના અનુયાયીઓ જયાં જયાં ગયા અને વસવાટ કર્યો ત્યાંથી તેમની આવકનો દશમો ભાગ જેને દશાંશ કહેતા તે દર વર્ષે ગીરમટા ખાતેના આશ્રમે અચૂક મોકલતા. આવકનો દશમો ભાગ - દશાંશ કાઢવાની અને ગીરમટા આશ્રમે પહોંચતો કરવાની પરંપરા કાયમી બની ગઈ. કાકાસાહેબનો જે આદેશ આવે તેનું પાલન કરવાની પ્રથા પણ ઉભી થઈ. સમય વીતતો ગયો અને એક પછી એક એમ આશ્રમમાં ગાદિપતિ કાકાઓની નિમણુક થતી ગઈ.

Find some event like Dafan vidhi prior to 1800 / Establishment of Khana / Non building of temple etc

સંવત ૧૮૦૦ આસપાસ - સંવત ૧૮૩૨

પ્રાગજીકાકાની ગાદીપતિ તરીકે નિમણુક થઈ ત્યાં સુધી બધું સમુંસુતરૂં ચાલ્યું. પરંતુ પ્રાગજીકાકો નબળી માનસિકતાવાળો નીકળ્યો. તે સ્વર્ગની પરીઓ જેવી રૂપાળી લલનાઓ પ્રત્યે મોહાંધ બન્યો. તે વખતની આશ્રમની રક્ષા કરતી સૈયદોની ટુકડીનો વડો વલીમહમદ ભારે લુચ્ચો અને ખંધા સ્વભાવનો હતો. તે પ્રાગજીકાકાની નબળાઈ પારખી ગયો અને તેનો તેણે ભરપુર ગેરલાભ ઉઠાવ્યો. ચારેબાજુ મુસ્લિમ આક્રમણ અને શાસકો પણ મુસ્લિમ. તેની આડશમાં વલી મહમદે પ્રાગજીકાકાને પ્રલોભનો આપી લલચાવ્યો અને પોતાના વશમાં કરવા પ્રયત્ન આદર્યો. આ હેતુને બર લાવવા તેમણે સૌરાષ્ટ્રમાંથી એક તાંત્રિક અને સંમોહનવિદ્યાના જાણકાર વ્યકિતને ગીરમટા તેડાવ્યો. તે તાંત્રિકે સંમોહનવિદ્યાના સહારે પ્રાગજીકાકાના મનને સંપૂર્ણ વશ કરી લીધું. જાણે દુકાળ પડયો હોય તેવો ભાસ ઉભો કર્યો અને પોતાને પીર તરીકે દર્શાવી તે પીરે જાણે વરસાદ વરસાવ્યો હોય તેવી ભ્રમણા ઉભી કરી. પાણીથી ભરાયેલ સરોવરમાં તે પીર પાણી પર સમાધિપૂર્વક ઘોડા પર બેસીને સૌને આશીર્વાદ આપતો હોય તેવી પણ ભ્રમજાળ ઉભી કરી. તે રીતે પ્રાગજીકાકાના મનમાં ઠસાવી દીધું કે આ પીર ઈમામશાહ સાચો તારણહાર છે. તેની જ પૂજા અર્ચના કરાય અને તો જ સૌનું ભલું થાય. તે રીતે પ્રાગજીકાકાના માધ્યમથી આશ્રમના આશ્રિતો અને અનુયાયીઓમાં ઈરાનશાહ નહીં પણ ઈમામશાહ તેમનો તારણહાર છે તેમ ઠસાવી દીધું અને બાવા ઈરાનશાહના સમાધિ સ્થળે પીર ઈમામશાહના રોજાને સ્થાપિત કરી દીધો. આમ આ ઘટના રામ જન્મભૂમિ સ્થળે મોગલોએ બાબરી મસ્જીદ સ્થાપિત કરી દીધી તેવી જ આ કમનસીબ ઘટના ઘટેલ હોય તેમ જણાય છે.

Marathas took over in 1753 and British took over the Ahmedabad city in 1818, hence this is wrong

Which Tantrik?

New Story

New Story

સંવત ૧૮૧૮માં બિશપ હેબર નામના અંગ્રેજ સંશોધકે નીચે મુજબ કરેલ રીમાર્ક પરથી પણ તેને પુષ્ટી મળે છે.

"An unknown personality who was BAVA IRANSHAH? The word 'BAVA' originated from Hindu cast and the word 'SHAH' was used as a sirname or nick name in the parsi community and 'SHAH' in the Jain community.

The real name of IRANSHAH was IRANSHAH and why IMAMSHAH?

The village GIRMATA was holy place of IRANSHAH and he was a saint and maintained perpectual fire. He made research in ATHARV VED"

__Bishop Hebur (1818)

Which Book?

ભારતીય સંસ્કૃતિ વિકાસ સંસ્થા (I.C.D.I) દ્વારા પ્રકાશિત બાવા ઈરાનશાહ કોણ? દ્વારા ઉપરોકત બાબતની પુષ્ટિ મળે છે.

Where is this institution? Who has established this? It is not a knonw institution

ગીરમટા ખાતે ઈમામશાહની ભ્રમણાને સાકાર કરવામાં સફળતા મળતાં, લુચ્ચો સૈયદ વલી મહમદ તેના પ્યાદા બનેલા પ્રાગજીકાકાને સાથે લઈ સંવત ૧૮૩૨માં કચ્છમાં આવ્યો. નખત્રાણા ખાતે ત્રણે પાંચાડાના ગેઢેરા - વડવાઓને બોલાવી પ્રાગજીકાકાને મુખે ગીરમટા ખાતેના તરકટની વાતો કરાવીને ઈમામશાહી સતપંથ સ્વીકારવાની વાત તેમને ગળે ઉતારવાનો કારસો કર્યો. કેશરા પરમેશ્વરા જેવા ચાર કે પાંચ વડવાઓએ નિર્ભિક પણે તે વાત સ્વીકારવાની ઘસીને ના પાડી દીધી. બાકીના વડવાઓ પ્રાગજીકાકા અને વલી મહમદની ભ્રામક વાતોથી ભરમાઈ ગયા. ઠરાવ કરીને બ્રાહ્મણો તેમજ વહીવંચાઓને રજા અપાવી અને તેમની સાથેના તમામ વહેવારો બંધ કરાવ્યા. એ રીતે આપણા વડવાઓ પાસે પીર ઈમામશાહી સતપંથનો સ્વીકાર કરાવ્યો. આપણા વડવાઓ જે અત્યાર સુધી વૈદિક પરંપરાના સંસ્કારો અને વહેવારોમાં ચુસ્ત હતા તેમને ઈમામશાહી સતપંથમાં પરિવર્તિત કરાવીને તેમની જનોઈઓ ઉતરાવી. તે જનોઈને ગીરમટા ખાતે લઈ જવામાં આવી; જેને ત્યાં ઘણા સમય સુધી સાચવી રાખવામાં આવી હતી. **પીરાણાપોલ** નામના પુસ્તકમાં ઉપરોકત હકીકતોનો વિગતે ઉલ્લેખ થયો છે. પીરની ભ્રામક કરિશ્મા બાદ ગીરમટા ખાતેના આ સ્થળનું **Pir-ana** પીર-આના પરથી પીરાણા તરીકે નામ પ્રચલિત થયું હોય તેમ જણાય છે.

Selective reference and out of context

email: mail@realpatidar.com

This book is false and is written by a Satpanth supporter with the aim of falsely projecting Satpanth to be a part of Hindu religion

પૂરક વિગતો

(૧) અમદાવાદની ૬૦૦મા વર્ષની ઉજવણી દરમ્યાન અમદાવાદ ખાતે ટાઉનહોલ પાસે એમ.જે.લાઈબ્રેરી છે, જેનું સંચાલન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કરે છે તે લાયબ્રેરીમાં અમદાવાદના ૬૦૦ વર્ષના ઈતિહાસનો એક અલગ વિભાગ કરવામાં આવ્યો છે, તેની મને જાણ થતાં કેટલાય દિવસો સુધી મેં એમ.જે. લાયબ્રેરીમાં વાંચક તરીકે મુલાકાત લઈ, તે વિભાગમાં બેસી અધ્યયન કર્યું. તે પરથી એક ઐતિહાસિક સત્ય મારા ધ્યાન પર આવ્યું. તે મુજબ મોગલ બાદશાહના આક્રમણ પહેલાં અમદાવાદનો એક ભાગ - પૂર્વનો વિસ્તાર આશાવલ કહેવાતો, જેમાં આશાભીલની હકુમત હતી. બાદશાહે આશાવલ પર હુમલો કર્યો અને તે પ્રદેશ જીતી લીધો. આશાભીલ અન્યત્ર છુપાયો. આશાભીલની પુત્રી તેજી રૂપરૂપનો અંબાર હતી. તેણીને બાદશાહ સાથે પરણાવવાનો પ્રસ્તાવ આવ્યો. આશાભીલની પત્નીએ પ્રસ્તાવ સ્વીકારી સમાધાનનો રાહ અપનાવવા આશાભીલને સૂચન કર્યું. તે રીતે તેજી બાદશાહની પત્ની (બેગમ) બની. ઈરાનશાહે બાદશાહની જે દિકરીને અસાધ્ય રોગમાંથી સાજી કરી તે તેજીની દીકરી હોવાનો સંભવ છે.

Ahmedabad Town Hall - M J Library

Record of Visit

East of Ahmedabad. Which place?

(૨) માનકુવા(કચ્છ)ના મૂળ વતની અને ભુજ ખાતે રહેતા વડીલ કાનજીભાઈ નથુ(દેહદાન દાતા)ને ઐતિહાસિક તથ્યોને ઉજાગર કરવા તથા તે માટેની જરૂરી વિગતો એકત્ર કરવા હંમેશાં તત્પરતા રહેતી. તેમણે ભુજ ખાતેના કચ્છ મ્યુઝિયમમાં કચ્છના રાજવીઓના સંઘરાયેલ ઈતિહાસની વિગતોની નકલ મેળવેલી અને તેનો તેમણે અભ્યાસ કરેલો. તેમાં ઉલ્લેખ થયેલો છે તે મુજબ કચ્છના રાજવી પરિવારની એક દીકરીને બાદશાહ સાથે પરણાવવામાં આવેલી તે રીતે તેને બાદશાહની બેગમ બનાવવામાં આવેલી. આશાભીલની દિકરી તેજી પણ બાદશાહની બેગમ બની. તેજીની દિકરીને ઈરાનશાહે અસાધ્ય રોગમાંથી મુકત કરી હતી. આમ ઈરાનશાહ અને કચ્છના રાજવીઓ વચ્ચે સંપર્કસૂત્ર અમદાવાદ ખાતે હતું તેમ જણાય છે. આ ઐતિહાસિક માહિતી પુરી પાડવામાં સહાયક બનનાર સ્નેહીશ્રી હરીભાઈ (ગઢકંપાવાળા)નો આભારી છું.

Story

(૩) ધરતી વિકાસ મંડળ, નારણપુરા, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ થતા માસિક **ધરતી**ના માહે ઓગસ્ટ - સપ્ટેમ્બર ૧૯૮૩ના અંકમાં પ્રો. મંગલભાઈ રા. પટેલ લિખિત લેખના પાંચમા ફકરામાં નીચે મુજબની નોંધમાં કચ્છ નરેશ મહારાવ શ્રી ભારમલ્લજી નો ઉલ્લેખ થયેલ છે.

Copy of Dharti Magazine required.

"કચ્છ નરેશ મહારાવ શ્રી ભારમલ્લજીએ પોતાના દેશને રસાળ અને સમૃદ્ધ બનાવવા ગુજરાતી કણબીઓને ત્યાં સત્કાર્યા હતા અને જોત જોતામાં કણબી ભાઈઓની સંખ્યા પચીસ હજારે પહોંચી હતી. સંવત ૧૮૩૨માં પીરાણાવાળો પ્રાગજીકાકો કચ્છ આવ્યો. તે બડો પાકો અને પ્રપંચી કાકો હતો. તેમણે બ્રાહ્મણ, ગોર, ભાટ, ચારણો, વહીવંચા વગેરેનો કણબીઓ સાથેનો સંબંધ સદંતર બંધ કરાવી, મરણ અને લગ્ન અંગેના હિંદુ રિવાજો છોડાવી દઈને કચ્છી કણબીઓને પાકા સતપંથી મૂમના બનાવવાની જબ્બર ખટપટ ચલાવી. ધર્મગુરૂ કાકાસાહેબ ઉપર અચળ શ્રધ્ધા રાખનાર કચ્છના ભોળા કણબીઓ તેમની કપટ જાળમાં ફસાયા....".

To check with Maharaja Jadeja of Kutch

ત્યાર બાદનો સમય વધુ ને વધુ કપરો થતો ગયો. ગીરમટા ખાતેના વૈદિક આશ્રમમાં વેદો અને વેદ આધારિત પુસ્તકોનો ભંડાર હતો. પીરના તરકટ બાદ પીરાણા નામે ઓળખાતા આ સ્થળના રક્ષક તરીકે નીમાયેલા સૈયદોનો ત્રાસ અને ચંચુપાત વધતો ગયો અને તેઓ તે સ્થળના ભક્ષક તરીકેની ભૂમિકામાં આવતા ગયા. આશ્રમમાં વૈદિક સાહિત્યનો અમૂલ્ય ખજાનો હતો તે પૈકી કેટલાક ભાગનો તેમણે નાશ કરાવ્યો અને કેટલાક ભાગને ભોંયમાં ભંડારી દીધો. તેની જગ્યાએ ભેળસેળીયું નકલી સાહિત્ય ઉપજાવી કાઢ્યું. આશ્રમના અભણ, ભોળા અને નિર્દોષ આશ્રિતો અને અનુયાયીઓ નિર્દોષભાવે અને અણસમજથી તેને અનુસરતા ગયા. સંવત ૧૮૩૨ બાદ કચ્છમાં પણ આપણા ભોળા, નિર્દોષ અને અશિક્ષિત વડવાઓ પણ તેના ભોગ બનતા ગયા.

સંવત ૧૮૩૨ પછીનો સમય

પીરાણા ખાતે સૈયદોનો ત્રાસ અને જોહુકમી ક્રમેક્રમે વધતી ગઈ. તેઓ જ આ સંસ્થાનના ખરા વારસદાર હોય એ રીતે જાણે અત્રેના નિર્ણયો લેવામાં તેમનો જ અધિકાર હોય તે રીતની તાનાશાહી સંસ્થાનના ગાદીપતિ કાકાસાહેબો, સંસ્થાના આશ્રિતો અને અનુયાયીઓ પર વધતી ગઈ. તા.૩ ડીસેમ્બર ૧૯૨૫ના રોજના રામજીકાકાના ગાદિપતિ તરીકેના નિમણુક પત્રમાં તેમની પાસે જોર જબરદસ્તીથી બિનઅધિકૃત રીતે લખાવી લીધેલ લખાણ પરથી તેમની દાદાગીરીનું પ્રમાણ કેટલું વધી ગયું હતું તે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વધુમાં પીરાણા ખાતે સૈયદોનો ત્રાસ એટલી હદે વધતો ગયો કે રામજીકાકાને કેટલોક સમય પીરાણાની બહાર રહેવાની ફરજ પડી હતી; જેની સતપંથી એવા કેટલાક વૃધ્ધ વડીલોને જાણ હશે જ. સંસ્થાનને દશાંશ તરીકે અપાતી રકમમાં ભાગ બટાઈ કરી અડધી રકમ ફરજીયાત પણે ગાદીપતિ કાકા પાસેથી સૈયદો ઝુંટવી જતા અને ત્યાંના સર્વે સર્વા હોય તેવો રોફ જમાવતા. સંસ્થાના વહિવટ તથા અન્ય મુદ્દાઓ સબબ

Atleast accepts that the agreement is true

અમદાવાદની ફર્સ્ટ કલાસ સબ - જજની કોર્ટમાં ફેબ્રુઆરી ૧૯૩૧માં સિવિલ સ્યુટ દાખલ કરવામાં આવેલ હતો; જે ૧૬૮ નંબરથી નોંધાયેલો હતો. આ દીવાની દાવામાંના બન્ને તરફના પક્ષકારોની રજુઆતોને તથા એવિડેન્સ વગેરેને ધ્યાનમાં લઈ વિદ્વાન ન્યાયાધીશે આપેલા ચુકાદામાં સંસ્થાનના વહીવટ બાબતે સ્કીમ જાહેર કરેલી તેમજ સૈયદોના હક મર્યાદિત કરી નાખ્યા હતા. તે રીતે સંસ્થાનમાં વર્ષે દહાડે દશાંશની આવતી રકમ તથા અન્ય સાધનોમાંથી મળતી આવકની રકમમાંથી તેમની ભાગબટાઈ નિષિધ થઈ હતી. આમ છતાં ત્યારબાદના ગાદીપતિ શીવજીકાકાની નબળાઈને કારણે સૈયદોની જોહુકમી ચાલુ રહી હતી. ઉપરોક્ત જજમેન્ટની મને માહિતી પુરી પાડનાર સ્નેહિજનનો આભારી છું.

પૂજ્ય વડિલ શિવગણભાઈ કાનજી વેલાણી (વેલાણી હોસ્પિટલ, ભુજ-કચ્છ) લિખિત પુસ્તિકા **સંદેશો**(જનજાગૃતિના અગ્રદૂત શ્રી નારાયણજી રામજી લીંબાણી)ના પાના નં. ૯૦ પર પાડેલ પ્રકાશ અનુસાર...

"ઐતિહાસિક મહાભારતના યુધ્ધ પછી ભારતમાં આર્ય વૈદિક ધર્મને ધીરે ધીરે ઘસારો લાગવા લાગ્યો. આનું મુખ્ય કારણ હતું તે યુધ્ધને કારણે વેદોને જાણનાર વિદ્વાનોનો થયેલો નાશ. આની પ્રથમ અસર શિક્ષણ ઉપર પડી અને ત્યાર પછી સમાજ ઉપર. લોકો પ્રમાદી બન્યા. તેથી ઓછી મહેનતે વધુ પ્રાપ્ત કરવાની વૃતિ પ્રબળ બનતી ગઈ. એનો લાભ અર્ધજ્ઞાની પણ વાકચતુર લોકોએ લીધો. તેમણે વૈદિક ધર્મમાં વેદ વિરુધ પણ પ્રમાદી માણસોને અનુકુળ એવી પોતાની વાતો ચતુરાઈ પૂર્વક ઉમેરી અલગ અલગ પંથો બનાવી આવા પ્રમાદી અને અજ્ઞાની માણસોને ફસાવતા ગયા અને પોતાની આજીવિકાની મજબૂત ઈમારત ચણતા ગયા. કેટલાક વિદ્વાનોનો કદાચ ભલે આવો આશય નહીં હોય, પરંતુ તેમની પછળ તેમના ચેલાઓએ આવા જ આશયને પોતાના વર્તન દ્વારા ચરિતાર્થ કર્યો છે.

પાટીદાર જ્ઞાતિમાં "હિન્દુજાતિ" ને હિસાબે આવાં દુષણો પેસી શકત પણ સંન્યાસી ઈરાનશાહ બાવા જે વૈદિક સિધ્ધાંતોના પુરા જાણકાર હતા તેમના પ્રતાપે ઉપરોક્ત દુષણોએ પગપેસારો કર્યો ન હતો. પણ પછી ભારતમાં મુસલમાનોનું જોર મજબૂત બન્યું અને ઈરાનશાહ બાવા જેવા વૈદિક સંન્યાસીઓનો વિલય થવાથી સહારો રહ્યો નહીં એટલે અનેક પ્રપંચોથી હિન્દુ જાતિમાં જેમ વટાળ પ્રવૃત્તિ શરૂ થઈ તેમ પાટીદાર જ્ઞાતિના વૈદિક ધર્મમાં પણ સંવત ૧૮૩૨થી સતપંથ રૂપી દોષ ઘુસી ગયો. હિન્દુ જાતિમાં ઘુસેલા દોષ દૂર કરવા સવંત ૧૯૨૦ માં મહર્ષિ દયાનંદ સરસ્વતિ મહારાજનો જ્ઞાનોદય થયો. (જન્મ સંવત ૧૮૮૧). પાટીદાર જ્ઞાતિમાં ઘુસેલા સતપંથ રૂપી દોષને દૂર કરવા શ્રી નારયણજીભાઈ રામજી લીંબાણી જેવા ધર્મવીરનો ઉદય થયો.(જન્મ સંવત ૧૯૩૯)....".

Accepts that Satpanth is not good

Narayan Ramaji is not liked by Satpanthis. They have published a defamatory pamphlet.

This book is false and is written by a Satpanth supporter with the aim of falsely projecting Satpanth to be a part of Hindu religion

શ્રી નારયણજીભાઈના પિતાશ્રી પટેલ રામજીભાઈ લીંબાણી એમના વખતના એક પ્રસિધ્ધ શિલ્પશાસ્ત્રી હતા. તેઓ સુધારક વિચારના તેમજ વેદ ધર્મના પ્રબળ પક્ષપાતી હતા. છતાં પણ એ વખતે કચ્છના કડવા પાટીદારોમાં જડ ઘાલી બેઠેલા પીરાણા સતપંથ સત્તાની સામે મસ્તક ઉઠાવતાં તેઓ અચકાતા હતા. કારણ તે વખતના સંજોગોમાં તે કામ અઘરૂં હતું. પરંતુ "પુત્રના લક્ષણ પારણામાં". તેમના જ દીકરાએ પીરાણા સતપંથ સામે બળવો પોકારી પિતાની ઈચ્છા પૂર્ણ કરી. પીરાણા પંથના પાપમાંથી જ્ઞાતિભાઈઓને છોડાવવા અને તેમને પુનઃ વૈદિક પંરપરામાં લાવવા માટે તેમણે જીવનપર્યંત અથાગ પ્રયત્નો કર્યા અને સુધારાની જેહાદ જગાવી. તેમના આ ભગીરથ કાર્યમાં કેટલાય સાહસિક નિડર જ્ઞાતિજનો, મહાનુભાવોનો તથા સુધારક મંડળોનો સહયોગ મળતો ગયો. પરંતુ જીવનમાં છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન લકવાના હુમલાના કારણે તેઓ શારીરિક રીતે અશકત બન્યા અને પોતાના જ્ઞાતિજનોને પીરાણા પંથના પાપ પ્રપંચમાંથી છોડાવી વૈદિક પરંપરામાં પાછા લાવવાનું તેમનું સ્વપ્ન પુરેપૂરૂં સાકાર થઈ શકયું નહીં. શ્રી નારણજીભાઈની શારીરિક અશકિત દરમ્યાન તેમના સુધારક-જાગૃત સહયોગીઓએ પૂજય ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ સુધારા ઝુંબેશ ચાલુ રાખી અને જ્ઞાતિજનોને પીરાણા પંથના પાપ પ્રપંચમાંથી મુકત કરાવવા માટેના પ્રયત્નો ચાલુ રાખ્યા. પરંતુ ત્યારબાદ કોઈ પણ પ્રેરણાદાયક પથપ્રદર્શક કે માર્ગદર્શક કે સમાજને એકસુત્રતામાં બાંધી રાખનાર ન મળતાં જ્ઞાતિના લોકો ધીરે ધીરે અલગ વિચારધારામાં વિભાજીત થવા લાગ્યા. જેવા કે, વૈદિક પરંપરા અનુસારની અસલ વિચારધારા-આર્ય સમાજીક, સ્વામિનારાયણ, કબીરપંથ, સ્વાધ્યાય પરિવાર, હરી ૐ પરિવાર, પુષ્ટિ માર્ગી વૈષ્ણવ પરિવાર, પ્રણામી પરિવાર, રાધા સ્વામી પરિવાર, લક્ષ્મનારાયણ સમાજ વિગેરે. જયારે સતપંથમાં બાકી રહી ગયેલાઓનો એક સતપંથ સમાજ તરીકે અલગ સંપ્રદાય નિષ્કલંકી નારાયણ પરિવાર તરીકે પ્રચલિત થયો. એ રીતે આપણા પ્રખર સુધારક પૂજય નારાયણજીબાપાનું જ્ઞાતિને વૈદિક પરંપરાના એક સૂત્રે બાંધવાનું સ્વપ્ન અધુરૂં રહી ગયું.

Accepts good work of Guru Odhavram

આપણા વડવાઓના ઉપરોકત ઈતિહાસને વાગોળતાં અને ચિંતન કરતાં એક વાત તો સ્પષ્ટ રીતે ઉપસી આવે છે કે, કેશરા પરમેશ્વરા જેવા કેટલાક આપણા નિર્ભિક અને અડગ વડવાઓએ વલી મહમદ જેવા લુચા અને પ્રપંચી સૈયદોએ પ્રાગજીકાકાના માધ્યમથી પ્રસારિત કરેલી પીર ઈમામશાહી પાપ પ્રપંચ લીલાનો શિકાર થવા ઘરાર ઈન્કાર કર્યો હતો. તેમણે વૈદિક પરંપરાનો ત્યાગ કરવાની તથા જનોઈઓ ઉતારવાની સ્પષ્ટ ઘસીને ના પાડી દીધી હતી અને ત્યારબાદ તેઓએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકારી સતસંગી બન્યા હતા. બાકીના આપણા વડવાઓ ભોળપણથી, અજ્ઞાનથી અને

Means marriage and death ceremonies are not Vedic

અણસમજથી પ્રાગજીકાકા અને વલીમહમદના ચક્રવ્યુહમાં ફસાયા હતા અને પીર ઈમામશાહી સતપંથનો સ્વીકાર કર્યો હતો. તેમ છતાં એ સ્પષ્ટ છે કે તેઓએ માત્ર લગ્ન અને મરણની ક્રિયાઓનાં આચરણો અપનાવ્યાં હતાં. પરંતુ તેમના બાકીના વ્યવહારો અને વાણી વર્તન હિંદુ પરંપરા મુજબનાં જ હતાં. સૈયદોની લાખ કોશિષ છતાં પણ આપણા વડવાઓના મન અને મસ્તિકમાંથી આપણા હિંદુ વિચારોને અને પરંપરાઓને જાકારો અપાવી શકયા ન હતા. તે સમયમાં અને ત્યારબાદ પણ આપણા વડવાઓ જયારે એક બીજાને મળે ત્યારે રામ રામ કહીને જ એક બીજાને આવકારતા અને સત્કાર કરતા. આપણી માતાઓ એક બીજાને મળતી ત્યારે હરીહર કહીને જ એક બીજાને મળતી અને ભેટીને એકબીજાને આવકારતી. આપણી માતાઓ બહેનો સવારમાં ઘંટીએ દળવા બેસતી ત્યારે મીઠા સાદે જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા.... જેવાં પ્રભાતિયાં ગાતી.

Why mandir was not there before year 1800

ઈમામશાહી સતપંથના વ્યાપક પ્રસારના સમયમાં પણ જન્માષ્ટમીના દિવસે ખાનાંઓમાં જશોદામાતાની પધરામણી ઉત્સાહપૂર્વક કરવામાં આવતી. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવતી. તે સમયમાં પણ યુવકો દ્વારા "મટકાફોડ" નો કાર્યક્રમ ગોઠવવામાં આવતો અને તેમાં નાનાં મોટાં સૌ કોઇ ઉમંગભેર સહભાગી થતાં. નોમના દિવસે જશોદા વિસર્જન પણ તે જ ઉત્સાહ સાથે સંપન્ન થતું. તે સમયે પણ સાતમ આઠમના તહેવારો દરમ્યાન ગામના ચોકમાં કૃષ્ણના રાસડા અને દાંડીયા રાસના કાર્યક્રમોની અચૂક ઉજવણી થતી. નવરાત્રીના દિવસોમાં મહાજન દ્વારા ગરબીના કાર્યક્રમો યોજાતા તેમાં આપણા વડીલો હર્ષભેર સામેલ થતા. આમ અમુક આચરણો બદલાવવામાં સૈયદોને ભલે સફળતા મળી હોય, પરંતુ આપણા વડીલ માવિત્રોના દિલ દિમાગમાંથી આપણા અસલ સાંસ્કૃતિક વારસાને મીટાવવામાં તેમને સફળતા મળી ન હતી. એ રીતે સૈયદો અને તેના મળતીયાઓ આપણા વડવાઓ-કચ્છી કણબીઓને પાકા સતપંથી મુમના બનાવવાની ચલાવેલ જબ્બર ખટપટને સફળતાનો અંજામ આપી શકયા ન હતા. આમ આપણા વડવાઓ કયારેય મુમના બન્યા ન હતા તે દીવા જેવી સ્પષ્ટ હકીકત છે.

ઉપરોક્ત પેરેગ્રાફમાં વર્ણવેલ વિગતો મેં પોતે મારા બચપણમાં જોયેલ અને માણેલ અનુભવોના સારરૂપ હકીકતોનું બ્યાન છે. મારો જન્મ કચ્છમાં નખત્રાણા તાલુકાના ગામ દેવપર-યક્ષમાં સંવત ૧૯૯૧માં થયેલો. મારૂં બચપણ મેં આ ગામની માટીમાં રમીને વિતાવેલું. મારા દાદા નારાયણબાપા ગામમાં નારણ ભગત તરીકે ઓળખાતા. તેમનો જન્મ સંવત ૧૯૩૦ આસપાસ થયો હશે. આપણા આદ્યસુધારક પુજય નારણજીભાઈનો જન્મ સંવત ૧૯૩૯માં થયો હતો. મારા દાદા નારાયણબાપાના પાર્થિવ દેહનું નિર્વાણ

સવંત ૨૦૦૪માં થયું હતું; જ્યારે પૂજ્ય નારયણજીભાઇના પાર્થિવ દેહનું નિર્વાણ સંવત ૧૯૯૭માં થયું હતું. આમ મારા દાદા નારાયણ બાપાના જીવનનો કાર્યકાળ અને પૂજ્ય નારણજીભાઇના જીવનનો કાર્યકાળ પાંચ- દશ વર્ષના ફેર સહિત લગભગ સમકક્ષ હતો તેમ કહી શકાય. ઈમામશાહી સતપંથ વિરુધ્ધ સુધારા ઝુંબેશ કચ્છમાં પ્રસરતાં જ મારા દાદાએ તેનો ત્યાગ કરી કબીર વિચારધારામાં જોડાઇ ગયા હતા. તેમનું આ પરિવર્તન મારા જન્મ પહેલા ઘણા સમય અગાઉ થયું હશે. મારા જન્મ બાદ હું સમજણો થયો ત્યારે મને જાણવા મળ્યું કે મારા ગામ દેવપર-યક્ષમાં માત્ર ત્રણ ઘર જ સતપંથમાંથી બહાર કબીર વિચારધારામાં પરિવર્તિત થયાં હતાં. (૧) મારા દાદા નારાયણ વીરજીનો પરિવાર, (૨) સંત દેવસીદાસ કાનજી પરિવાર અને (૩) વડિલ વાલજી નાંયા પરિવાર. આ ત્રણેય પરિવાર રૂડાણી સાખનાં હતાં. તેમ છતાં સૌ સાથે મળીને સાતમ- આઠમના તહેવારો ઉજવતાં, કૃષ્ણ જન્મોત્સવનો પ્રસંગ ઉમંગભેર માણતાં અને નવરાત્રીના મહોત્સવ પણ મહાજન સાથે હર્ષોલાષથી ઉજવતાં. તે વખતે પણ કોઇ સાંપ્રદાયિક ભેદભાવ વગર સૌ કોઇ અમારા ગામના ઠાકર મંદિરમાં અને શીવ મંદિરમાં દર્શનાર્થે જતાં. ઠાકર મંદિરના પુજારી એવા અમારા ગામના લીલાધર માસ્તર સતપંથના પરિવારો સહિતના દરેક ઘેર સવારના નારાયણ હરી ધર્મની જયના પોકાર સાથે લોટ માંગવા જતા અને શીવ મંદિરના બાવાજી પણ દરેક ઘેર લોટ માગવા જતા. ધાર્મિક કે એવા કેટલાક પ્રસંગોએ અમારા ગામના પરિવારો રખીયા (હરીજન ભજન મંડળી) બોલાવતાં ત્યારે કોઇ પણ જાતના સાંપ્રદાયિક ભેદભાવ વગર તે ભજન મંડળીઓ અમારા ગામના ગોરવા સમાજના બીજલ મહારાજ સહિત વાયક(આમંત્રણ) મળે તે ઘરે અચૂક જતી અને રાતભર ભજનની રમઝટ બોલાવતી. મારા દાદા નારણ ભગત પણ વાયક મળે ત્યાં ભજનના કાર્યક્રમમાં અચૂક સામેલ થતા. તેઓ જયાં જાય ત્યાં મને આંગળીએ વળગાડી અચૂક લઇ જતા. મારા ગામની આસપાસના નજીકના ગામો ધાવડા અને વિથોણમાં તેમને વાયક મળતાં ત્યાં પણ મને અચૂક લઇ જતા. સાંજના વાળુ કરીને બાજુના ગામમાં જવાનું થાય. તે વખતે ગામ ગામ વચ્ચેના પાકા રસ્તા નહીં અને રસ્તામાં બિલકુલ અંધારૂં. ત્યાં ટોર્ચ વગર ચાલતા મુસાફરી કરવાની. આ મુસાફરી દરમ્યાન મારા દાદાએ મને અંધારાથી ડરવું નહીં, કોઇ ભુતપ્રેતનું અસ્તિવ જ નથી, માત્ર સાહેબ(ઈશ્વર)થી ડરવું અને તેના પર વિશ્વાસ રાખવો, જીવનમાં સત્યને વળગી રહેવું અને સત્યને ખાતર ઝઝુંમવુ પડે તો આખરી દમ તક ઝઝુંમવુ પણ સત્યનો સાથ છોડવો નહીં, હંમેશા નિર્ભિક રહેવુ વગેરે જેવી શિખામણો મને આત્મસાત કરાવેલી. તેમની આ શિક્ષા અને દિક્ષા મને મારા ત્યારબાદના જીવનનાં હર પહેલુમાં પથદર્શક તરીકેની અહમ ભુમિકામાં રહી મને બળ પુરૂ પાડેલ છે

અને કામયાબ થવામાં મને સહાયક બનેલ છે. એ રીતે મારા દાદા મારા સાચા ગુરૂ હતા અને આજે પણ એમને ગુરૂ માનું છું. સંવત ૨૦૦૨માં બંધુકા વિવાહ વખતે દેવપર-યક્ષ ખાતે અમારે ઘેર મારી બેનના લગ્ન આપણી સાંસ્કૃતિક અસલ પરંપરા અનુસાર બ્રાહ્મણ દ્વારા અને ચોરીના ચાર ફેરા સહિત થયેલાં. સવંત ૨૦૦૪માં મારા દાદાનું નિર્વાણ થતાં સમગ્ર ગામે ધામધૂમપૂર્વક એમની સ્મશાન યાત્રા કાઢી તેમને વિધિપૂર્વક સમાધિ આપેલી. ત્યારબાદ સંત દેવસીદાસનું પણ નિર્વાણ થતાં તેમને પણ વિધિ પૂર્વક સમાધિ આપેલી. બંને સંતોની સમાધિ આજે પણ ગામના પાદરે મોજુદ છે. બંને સંતોના નિર્વાણદિન તેમના પરિવારો હરસાલ ઉજવે છે અને તેમને યાદ કરે છે. મારા જાત અનુભવના આધારે નિઃશંકપણે કહી શકું છું કે, આપણા વડવાઓ ક્યારે પણ મુમના થયા નથી તે આપણું ઐતિહાસિક સત્ય છે.

તે સમયે મારા પિતાશ્રી રતનશીભાઈ અને મારા કાકાશ્રી લાલજીભાઈ વ્યવસાય અર્થે ઊંઝા (જિલ્લો- મહેસાણા) ખાતે રહેતા હતા. સંવત ૨૦૦૪માં મારા દાદાના નિર્વાણ બાદ અમારા સમગ્ર પરિવારનું ઊંઝા ખાતે સ્થાળાંતર થયું અને ત્યારબાદનો મારો અભ્યાસ ઊંઝા ખાતે ચાલુ થયો. બોમ્બે યુનિવર્સિટી દ્વારા લેવાયેલ મેટ્રિકની પરીક્ષા મેં ઊંઝાની એમ.આર.એસ.હાઈસ્કૂલમાંથી પાસ કરી. ત્યારબાદ હું અમદાવાદ ખાતે આગળના અભ્યાસ માટે ગયો. જ્યારે ઊંઝા ખાતેનો મારો એક સહાધ્યાયી શ્રી હરગોવનભાઈ અંબાલાલ પટેલ સિધ્ધપુર તાલુકાના એક ગામ પુનાસણ ખાતે પ્રાથમિક શિક્ષક તરીકે નિમણુંક પામ્યો. અમદાવાદ ખાતેના કોલેજ અભ્યાસ દરમ્યાન વેકેશનમાં હું મારા ઉપરોક્ત મિત્રને મળવા માટે પુનાસણ ગામે જતો. ત્યાં મારા જાત અનુભવથી જાણ્યું કે, અહીં પણ એક સમયે પટેલોની વસ્તી હતી અને તેઓ આપણી જેમ ખેતી કરતા. જેમ આપણા વડવાઓને પ્રાગજીકાકાના માધ્યમ દ્વારા સૈયદોની પાપપ્રપંચ લીલાઓનું ગ્રહણ નડયું હતું તેમ અહીંના કણબીઓને આગાખાનીઓની પ્રપંચ લીલાઓનું ગ્રહણ નડયું હતું. મુસ્લીમ શાસનના તે સમયગાળામાં ધર્માંતરની પ્રક્રિયાએ જોર પકડયું હતું. પહેલા તબક્કામાં તેમણે અહીંના કણબીઓને ખાનાવાળા બનાવ્યા હતા. ત્યારબાદ આગળ વધીને ખાનાના મુખીને સુનતે બેસાડવાનો કારસો કર્યો હતો અને તે રીતે તબક્કાવાર તેમને મુસ્લીમ તરીકે પરિવર્તિત કરવાનું ષડયંત્ર રચ્યું હતું. આ રીતે સુનતે બેઠેલાનો પરિવાર મુસ્લિમ ધર્મ પાળતો થઈ ગયો હતો. મારી પુનાસણ ગામની મુલાકાત દરમ્યાન મેં જોયું કે, તે ગામમાં પરિવર્તનની બીજા તબક્કાની પ્રક્રિયા ચાલુ હતી. એક પ્રકાર ખાનાવાળાઓનો અને બીજો પ્રકાર મસ્જીદવાળાઓનો. ખાનાવાળાનું નામ હિન્દુ હોય જેમ કે નારણભાઈ: પરંતુ સુનતે બેઠેલા નારણભાઈના પુત્રનું નામ નુરમહમદ હોય. તે જ

What Prapanch?

Conversion Acitvity

રીતે ખાનાવાળાનું નામ વાલાભાઈ હોય. પરંતુ સુનતે બેઠેલા વાલાભાઈના પુત્રનું નામ વલી મહમદ હોય. આ રીતના પરિવર્તનથી તે વિસ્તારના ખેડૂત કણબીઓ સાચા અર્થમાં મુમના તરીકે પરિવર્તિત થયા. સાચા મુમના જોવા હોય તો સિદ્ધપુર તાલુકાના પુનાસણ અને વનાસણ જેવા ગામોમાં જઈ જાત અનુભવ કરવા સૂચન છે. તેઓ હવે દાઢી રાખતા થઈ ગયા છે તથા સલામ આલેકુમ અને ભલાદુર જેવા મુસ્લિમ સૂચક શબ્દોનો રોજના જીવનક્રમમાં પ્રયોગ કરતા થઈ ગયા છે. આપણી સાંસ્કૃતિક ધરોહર મજબૂત હતી તેથી આપણા વડવાઓ આ પરિવર્તનનો શિકાર થયા ન હતા તે નિ:શંક હકિકત છે.

પરિવર્તનનો દોર

સને ૧૯૩૧-૧૯૩૨ના વિદ્વાન ન્યાયાધિશના જજમેન્ટ બાદ સૈયદોના જોરમાં અને તોરમાં બાધા આવી તેમ છતાં તે વખતના ગાદિપતિ કાકા શીવજીની નબળાઈના કારણે સૈયદોની જોહુકમી ચાલુ રહી હતી તે હકિકત આગળ આવી ગઈ છે. તે હકિકતના સીલસીલાને આગળ વધારીએ તો શીવજીકાકાના સમયમાં ત્યાંની કમિટીમાં વકીલ, ડૉકટર અને અન્ય શિક્ષિત વર્ગ સામેલ થતાં તેઓને વિચાર આવ્યો કે અત્રે ડખા છે તો આ સંસ્થાનનું અસલ સ્વરૂપ કાંઈ જુદુ જ હશે. તેથી જુનાં પુસ્તકો મળે તો અભ્યાસ કરીએ અને સાચી વસ્તુનો તાગ મેળવીએ. તેમણે કમિટીમાં આવા પુસ્તકોની શોધનો ઠરાવ કરાવ્યો અને શીવજી કાકાએ તેમને એટલે જે જાગૃત સભ્યોને જુના પુસ્તકો શોધવાની જવાબદારી સોંપવામાં આવેલી છે તેમને સહકાર આપવાનું જણાવ્યું. શીવજી કાકાએ બતાવેલા ચીલાચાલુ પુસ્તકોથી તેમને સંતોષ થયો નહીં. શીવજીકાકા પર દબાણ આવતાં આખરે તેમણે એક ડેલાની ચાવી આપી. જાગૃત સભ્યોએ ડેલાને ખોલતાં તે આખો રૂમ જુનાં પુસ્તકોથી ભરેલો હતો. આ પુસ્તકોમાં તેમને ગડ બેસે તેવું કંઈ ન લાગ્યું કારણ કે તે વેદ - ઉપનિષદને લગતાં હતાં. આ રૂમની ફરી આગળ તપાસ કરતાં આ જાગૃત સભ્યોને સૌથી છેલ્લે ચાર વેદ મળ્યા. ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ. આ વેદો કમિટી પાસે લઈ જવાયા પણ માત્ર મંત્રોના કારણે કોઈને કાંઈ પણ સમજણ ન પડે એટલે અથર્વવેદના મંત્રોનું ભાષાંતર ગુજરાતી ભાષામાં કરાવવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો. આ અથર્વવેદના ભાષાંતર માટે અમરગઢ કંપાના સભ્ય પ્રેમજી વાલજી સહિત કંપાના ચાર સભ્યોને વિદ્વાન શાસ્ત્રીઓની મુલાકાત લઈ આ કામ પાર પાડવાની જવાબદારી સોંપવામાં આવી. અથર્વવેદને ભાષાંતર માટે વિદ્વાનોને સોંપી બાકીના ત્રણ અસલ વેદો પ્રેમજીભાઈ પીરાણા પરત સોંપી આવ્યા. સને ૧૯૮૩માં અથર્વવેદનું ભાષાંતર મળતાં તેને બે ભાગમાં પ્રકાશિત કરવાનું નક્કી થયું. તેનો ખર્ચ રૂપિયા ૬ લાખ થયો. તે માટેની ગ્રાન્ટ તે વખતની માધવસિંહ સોલંકી સરકારે આપેલી તે રેકર્ડમાં

Which Dela?

Government Grant?

Parivartan on Daur

New Trust?

નોંધાયેલ હકિકત છે. શિવજીકાકાનો દેહ વિલય થયો અને ગાદીપતિ તરીકે કરશનકાકાની નિયુક્તિ થઈ. જુના પુસ્તકોના અભ્યાસના કારણે ક્રમે ક્રમે પરિવર્તનનો દોર ચાલુ થયો. ધીરે ધીરે પૂજાવિધિ વગરેમાં પણ પરિવર્તન થયું. શિવજીકાકાની હયાતિમાં શરૂ થયેલ પરિવર્તનની પ્રક્રિયામાં કરસનકાકાએ વેગ આપ્યો. પ્રેરણાપીઠ ટ્રસ્ટની રચના થઈ. દશાંશની આવતી રકમો પ્રેરણા પીઠ ટ્રસ્ટમાં જમા થવા લાગી. ટ્રસ્ટમાં સધ્ધરતા આવી. સંસ્થાનું નવીનીકરણ શરૂ થયું. સંસ્થાનના સંચાલન હેઠળ શૈક્ષણિક સહિત અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ. તેના વ્યવસ્થિત હિસાબો રાખીને ઓડીટ થવા લાગ્યું. સતપંથને માનતા એવા આપણા કણબીઓમાં પણ લગ્ન વિધી બ્રાહ્મણ દ્વારા, ચોરીના ચાર ફેરા ફરી અને સપ્તપદીની પ્રતિજ્ઞા સાથેની હિંદુ પરંપરા મુજબની વિધી ચાલુ થઈ ગઈ હતી. એ રીતે પરિવર્તનનો દોર આગળ વધ્યો.

સને ૧૯૯૫માં કરસનકાકા દ્વારા પીરાણા મધ્યે મોટું સંત સંમેલન બોલાવવામાં આવ્યું. સંત સંમેલનની જાહેરાત થતાં કુતુહલવશ મેં મારા ઊંઝા ખાતેના વડીલ ભાઈ શ્રી વેલજીભાઈ સાથે સંમેલનની તારીખના વીસેક દિવસ અગાઉ પીરાણા ખાતે સંસ્થાનની મુલાકાત લીધી. સંસ્થાનના નવીનીકરણ માટે તોડફોડનું કામ ચાલુ હતું. અમદાવાદ ખાતે રહેતા અને મને ઓળખતા એવા શ્રી અરજણભાઈ ત્યાં કોન્ટ્રાકટર હતા. તેઓ મને જોઈ ગયા અને તેમણે કરસન કાકાને જાણ કરી કે અમદાવાદથી એક પ્રિન્સીપાલ આવ્યા છે, જે આપણા સંસ્થાનનું નિરીક્ષણ કરી રહ્યા છે. તેમના શિષ્ય નાનકદાસને રૂબરૂ મોકલી કાકાની બેઠકની મુલાકાત લેવા મને સંદેશો પાઠવ્યો. કાકાની બેઠકમાં કરસનકાકાએ અમારૂં સ્વાગત કર્યું. તમે શ્રધ્ધાથી નહીં પણ કુતુહલવશ આવ્યા છો તેમ છતાં તમારાં અવલોકનો અમને અમારી પરિવર્તનની પ્રક્રિયામાં સહાયભૂત થશે તો તમારાં અત્રેનાં નિરીક્ષણ અંગેનાં અવલોકનો જણાવો તેમ તેમણે મને વિનંતી કરી. મેં તેમને જણાવ્યું કે સંસ્થાનમાં પ્રવેશ કરતાં મને બાવા ઈમામશાહનો રોજો દેખાયો. રોજા પર ઓમ્‌નો ઝંડો ફરકતો જોઈ અને રોજાની દિવાલો પર ઓમ્‌ લખાયેલું જોતાં મને આશ્ચર્ય થયું. ત્યાં તો નાનકદાસે કાકાની ઓફિસ આવવા તમારો સંદેશો આપ્યો એટલે અન્ય નિરીક્ષણ થઈ શક્યું નહીં. પણ કાકાની ઓફિસ પર આવતાં અને તેનાં પગથીયાં ચડતાં કાકાની બેઠક પાછળ સૂત્રો લખાયેલાં જોયાં તે પૈકી એક સૂત્ર હતું સતપંથ સનાતન ધર્મકી જય, બીજું સૂત્ર હતું આદિદેવ શ્રી વિષ્ણુ ભગવાન કી જય અને ત્રીજું સૂત્ર હતું ગુરૂદેવ શ્રી ઈમામશાહ મહારાજ કી જય. મેં તેમને ભૂતકાળની યાદ અપાવી કે વર્ષો પહેલાં ધનસુરા ખાતે આપણા સમાજની બોર્ડિંગ પર સનાતન શબ્દ લખવાની બાબતમાં ✓ મામલો કોર્ટ સુધી ગયો હતો. જયારે હવે તમે સનાતન શબ્દને સ્વીકારી લીધો તેની નોંધ

લીધી. વધારામાં તમે વિષ્ણુ ભગવાનનો પણ જય ઘોષ કર્યો એટલે બીજી રીતે તમે લક્ષ્મીનારાયણ ભગવાનનો પણ સ્વીકાર કરી લીધો તેમ કહેવાય. ત્રીજા સૂત્ર બાબત મેં જણાવ્યું કે અગાઉ તમે ઈન્દ્ર ઈમામશાહ કહેતા. હવે તેમની તે પદવી ઉતારી તેમને ગુરૂદેવ ઈમામશાહ મહારાજ તરીકે ગણવા તમારા અનુયાયીઓને પ્રેર્યા. એ રીતે પરિવર્તનની પ્રક્રિયામાં તમોએ અવશ્ય ગતિ કરી છે તેમ જણાય છે. તેમણે તરત જ પ્રતિભાવ આપ્યો કે, પરિવર્તનની અમારી પ્રક્રિયા આગળ વધી છે તો પણ અમારા પ્રત્યે હજુ નફરતનો ભાવ કેમ ? મેં તેમને જણાવ્યું કે તમારા ગુરૂ કબરધારી મુસ્લિમ છે તે સ્પષ્ટ છે. જેનો ગુરૂ મુસ્લિમ હોય તેની તરફ આવો ભાવ તો રહેવાનો જ. તેમને અમારા પરિવારનો ભૂતકાળ ખબર હશે. એટલે તેમણે જવાબમાં મને તરત જ જણાવ્યુ કે તમો તો કબીરપંથી છો તો કબીર કોણ હતા ? મેં તેમને જણાવ્યું કે, કબીર કોણ હતા તે મને ખબર નથી પણ કાશ્મીર થી કન્યાકુમારી કે કચ્છથી કલકત્તા સુધી કબીરપંથીઓનો વિશાળ વર્ગ છે તેમ છતાં કબીરના પાર્થિવ દેહની ક્યાંય કબર નથી તે સ્પષ્ટ હકિકત છે. તે રીતે તેઓ મુસ્લિમ નથી તે બાબતે હું સ્પષ્ટ છું. તેથી કબીર પંથીઓને હિન્દુ તરીકે સ્વીકારવામાં કોઇને હિચકિચાટ થતો નથી. જ્યાં સુધી ઈમામશાહને ગુરૂ તરીકે માનશો ત્યાં સુધી તમારા અનુયાયીઓ માટે આવો હિચકિચાટ રહેવો સ્વાભાવિક છે. વધુમાં મેં તેમને જણાવ્યું કે હિન્દુત્વની ધારા વિરુદ્ધનાં બે આચરણો પૈકી એક આચરણ : લગ્ન વિધી બ્રાહ્મણ દ્વારા ચોરીફેરા અને સપ્તપદીની પ્રતિજ્ઞા સહિત કરાવવાનો તો સતપંથી પરિવારોએ પણ સ્વીકાર કરેલો છે. તો હજુ બાકી રહી ગયેલ એક આચરણ : મૃત્યુ બાદ પાર્થિવ દેહ નિર્વાણની વિધિમાં પરિવર્તન કરાવો તો તમારી પરિવર્તનની પ્રક્રિયા પૂરી થયેલ ગણાય. તેમણે જણાવ્યું કે અત્યારે અમારા પર અમારા જ કટરપંથીઓ અને સૈયદોએ કોર્ટે કેસ કરેલ છે. એટલે અત્યારે અમારાથી આવો કોઇ આદેશ આપી શકાય તેમ નથી. અમારા અનુયાયીઓ જો સમજીને આવો નિર્ણય કરશે તો તેમાં અમારી શુભેચ્છા અને આશીર્વાદ રહેશે. તેમણે રાણા સમાજનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે, રાણા સમાજ પણ સતપંથ વિચારધારાને અનુસરતો હતો પણ તેઓમાં વૈચારિક જાગૃતિ વહેલી આવી. તેમણે તેમના સમાજનું ખંભાત ખાતે સંમેલન બોલાવ્યું અને સર્વાનુમતે ઠરાવ કર્યો કે, આપણે હવેથી મૃત્યુબાદ અગ્નિદાહ આપી પાર્થિવ દેહનો નિકાલ કરવો. અમોએ તેને આવકાર્યું છે અને તેનો ક્યારેય વિરોધ કર્યો નથી. તેમણે આપણા સમાજનો પણ દાખલો આપ્યો. ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં વડાલી નજીક સવાસલા અને તેની આસપાસના કંપાના સતપંથી ભાઈઓમાં પણ જાગૃતિ આવી અને તેમણે પણ ત્યાંના ગોપાલભાઈ અને ગંગારામભાઈ જેવા જાગૃત આગેવાનોની ઝુંબેશથી ત્યાંના કંપાઓમાં પણ મૃત્યુ બાદ અગ્નિદાહ આપી

Accepts Laxminarayan

Accepts Guru is muslim

Court case is just an excuse. Even if relevant, case is against Imam Shah Bawa Trust. Satpanth Sanatan Samaj can also issue orders. Why is it not issuing orders?

Accepts Burial / Dafan is wrong ritual

પાર્થિવ દેહનો નિકાલ કરવાનું ઠરાવેલ છે. આવા અન્યત્ર પણ ઉદાહરણ મળશે. આ તમામ કિસ્સાઓમાં અમારી શુભેચ્છા છે. અમારી વચ્ચેની વાત પુરી થતાં અમોએ પ્રેરણા પીઠની વિદાય લીધી.

કોર્ટના સ્ટે સહિતના અનેક અવરોધો વચ્ચે પણ પીરાણા નજીક સંત સમેલનનું આયોજન કરવામાં કરશનકાકા અને તેમના સર્મથકોને સફળતા મળી. આ સંમેલનમાં કરસનકાકાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ભારતભરમાંથી પધારેલા સંત મહાત્માઓનો આભાર માન્યો, ભૂતકાળમાં જે ધર્મ ભુલ્યા તેના બદલ ખેદ પ્રકટ કર્યો અને હવે આ ભૂલને સુધારવા માટે પ્રયત્નશીલ રહેશું તેવી ખાત્રી આપી. સંત સંમેલનમાં તેમને પીઠાધીશ તરીકે આચાર્યની પદવી એનાયત કરવામાં આવી. ત્યારથી આ સંસ્થાનના ગાદીપતિને આચાર્ય તરીકેની ઓળખ મળી.

આગળ ઉલ્લેખ થયા મુજબ કરસનદાસ નિડર અને ક્રાંતિકારી વિચારના હતા. તેઓ પરિવર્તન માટે સતત પ્રયત્નશીલ અને ગતિશીલ હતા. પરંતુ કમનસીબે સંત સમેલન બાદ કેટલોક સમય વીતે તેમનું અકળ અવસાન થયું. તેમના સ્થાને ગાદિપતિ તરીકે નાનકદાસની નિમણુંક થઇ. નાનકદાસના કાર્યકાળમાં પરિવર્તનની પ્રક્રિયાનો વેગ ધીમો પડયો હોય તેવું મહેસુસ થાય છે. જો કરસનદાસ જીવિત હોત તો ગાદીપતિ તરીકેના તેમના અને તેમના સમર્થકોના સંનિષ્ટ અને ઘનિષ્ટ પ્રયાસોથી સતપથં સમાજના આપણા ભાંડુઓ આમૂલ પરિવર્તનના અંજામની સમીપ હોત તેવું મારૂં એસેસમેન્ટ છે.

Untimely death.

જગત જનની એવાં આપણાં કુળદેવી મા ઉમાના કેન્દ્રસ્થાન એવા ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ સાથે તો હું ઘણા સમય પહેલાંથી સક્રિય રીતે સંકળાયેલો હતો. જુન ૧૯૯૪માં મારી સ્વામિનારાયણ સાયન્સ કોલેજ, અમદાવાદ ખાતેની સેવાઓના સાતત્યમાં મણિનગર સાયન્સ કોલેજ અમદાવાદ ખાતેની સેવાઓમાંથી પ્રિન્સીપાલ તરીકેની કેટેગરીમાં નિવૃત્ત થતાં અને ત્યારબાદ ત્રણ વર્ષની સદર કોલેજના કેમ્પસ ડાયરેકટર તરીકેની સેવાઓમાંથી મુકત થતાં, નિવૃત્તિ બાદનો ફાજલ સમય આપણી સમાજની શૈક્ષણિક સહિતની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં વ્યતિત કરવાનો મેં નિર્ધાર કર્યો. આપણા કેન્દ્રીય સમાજમાં તે સમયમાં મુરબ્બી શ્રી એલ.વી. પટેલના કન્વીનરશીપ હેઠળ એક સમિતિનું ગઠન કરી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે એક અલગ ટ્રસ્ટની રચના કરવા બાબતે અહેવાલ આપવા તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. કમનસીબે કોઇ કારણસર તે સમિતિ તેના કાર્યને અંજામ આપી શકી ન હતી. ડો.વી.એચ. પટેલની કન્વીનરશીપ હેઠળ એક નવી સમિતિની રચના કરવામાં આવી હતી. તે સમિતિમાં સભ્ય તરીકે મારી નિમણુંક કરવામાં આવી. સમાજમાંથી મંગાવેલાં

સૂચનો અને વૈચારિક મનોમંથનને અંતે સમિતિએ પોતાની દરખાસ્ત તૈયાર કરી તેને કેન્દ્રીય સમાજની કારોબારીમાં રજુ કરી. ત્યાંથી બહાલી મળતાં તે દરખાસ્તને કેન્દ્રીય સમાજની બોલાવાયેલ અસાધારણ સામાન્ય સભામાં રજુ કરવામાં આવી. તે રીતે ઉમા એજ્યુકેશન એન્ડ ચેટીટેબલ ટ્રસ્ટ અને તેના બંધારણને બહાલી મળી. ડો.વી.એચ.પટેલના કન્વીનરશીપ હેઠળની સમિતિના સભ્યોએ ફાઉન્ડર ટ્રસ્ટીઓ તરીકે ચેરિટી કમિશ્નરશ્રીની કચેરી, ભુજ ખાતે સદર ટ્રસ્ટની એક સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવી. આ ટ્રસ્ટના મહામંત્રી તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી. ટ્રસ્ટના પ્રમુખ શ્રી દામજીભાઇ પી.ધોળુ અને અન્ય ટ્રસ્ટીઓના સક્રિય સહયોગથી ટ્રસ્ટ દ્વારા અદ્યતન શૈક્ષણિક સંકુલની સ્થાપના અને નિર્માણ માટેની પવૃત્તિઓ ગતિશીલ બનાવી. જુન-૨૦૦૭થી કડોદરા(સુરત)નજીકના વલથાણ ખાતે સતરાવાળા ઉમા વિદ્યાપીઠ નામે સ્કૂલ અને બોર્ડિંગ સહિતના રેસીડેન્સીયલ કેમ્પસનો શુભારંભ કરવામાં આવ્યો. ભારતભરના આપણી સમાજના શિક્ષણપ્રેમી ભાઇ બહેનોનું તેમાં અથાગ પ્રોત્સાહન અને યોગદાન મળ્યું. તે કેમ્પસમાં સ્કૂલ મેનેજિંગ કમિટિના ચેરમેન તરીકેની જવાબદારી પણ મને સોંપવામાં આવી. ભુજ (કચ્છ) મધ્યે કેમ્પ એરીયા ખાતેના આપણી સમાજવાડી કેમ્પસમાં બહેનો માટે કન્યા છાત્રાલય તો ચાલુ હતું તે જ કેમ્પસમાં બહેનો માટે હાઇસ્કૂલ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તેને કાર્યાન્વિત કરવાની જવાબદારી મારા કન્વીનરશીપ અને શ્રી નથુભાઇ કે રંગાણીના કો - કન્વીનરશીપ હેઠળ રચાયેલ શૈક્ષણિક સમિતિને સોંપવામાં આવી. શ્રી પાટીદાર કન્યા વિદ્યાલયના નામે જુન ૨૦૦૨થી હાઇસ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો. આ શૈક્ષણિક સંકુલના સંચાલનની જવાબદારી અમોએ લગભગ સાત વર્ષ સુધી નિભાવી. ઉપરાંત કેન્દ્રીય ન્યાય સમિતિના સભ્ય તરીકે મારી નિમણુક કરવામાં આવી અને ત્યારબાદના ત્રણ વર્ષ માટે કેન્દ્રીય ન્યાય સમિતિના મંત્રી તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી. ઉપર ઉલ્લેખ કરાયેલ ત્રિવિધ પ્રકારની જવાબદારી નિભાવવા મને ભારતભરના જુદા જુદા વિસ્તારોમાં વસતાં આપણી સમાજનાં ભાઇ-બહેનો, મહાનુભાવો, દાતાઓ અને સમાજ સેવાના વિવિધ ક્ષેત્રના ભેખધારીઓનો સંપર્ક થયો અને તેમનો નજીકથી પરિચય કરવાની તક મળી તે બદલ આપણા કેન્દ્રીય સમાજનો ઋણી છું.

ઉપરોકત પ્રવૃત્તિઓમાં મને જે સુખદ અનુભવ થયા છે તેના આધારે હુ નિ:શંક કહી શકું કે, કોઇપણ જાતના સાંપ્રદાયિક મતભેદોથી પર રહી સમાજના વિવિધ સ્તરના સભ્યોનો સહયોગ સમાજ - વિકાસની પ્રવૃત્તિઓમાં મળતો રહ્યો છે. શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના દાતાઓની અને સહયોગીઓની યાદી જુઓ, ભુજ કે અન્યત્રનાં

Why has author given so much biodata, with the aim of establishing his credibility, that too in the main part of the book? This only goes on the proves the suspicion that the author knows that he has written false information in the book and he is unknowingly accepting the guilt by his conduct.

આપણાં શૈક્ષણિક સંકુલોમાં યોગદાન આપનાર સહયોગીઓની યાદી જુઓ કે આપણા સમાજના વિવિધ કેટેગરીના સભ્યોની યાદી જુઓ તો તેમાં દરેક વિચારધારા કે સંપ્રદાયને અનુસરતાં સભ્યોનાં નામ અચૂક છે જ. ન્યાય સમિતિમાંની મારી સેવાઓ દરમ્યાન પણ મારો આવો જ સુખદ અનુભવ છે. સૌનો સાથ એજ વિકાસનો રાજ માર્ગ.

આગળ ઉલ્લેખ થયા મુજબ, કરસનદાસનું અકાળે અવસાન થયું. સતપંથના પીઠાચાર્ય તરીકે નાનકદાસજી નિમાયા. તેમના કાર્યકાળમાં અગાઉના આચાર્યે વેગવંત બનાવેલ પરિવર્તનની પ્રક્રિયામાં ઓટ આવી. કરસનદાસજીના સમર્થકોમાં આ બાબતે નારાજગી હતી. તેમ છતાં નાનકદાસજીના સમર્થકોમાં યથાવત સ્થિતિ જાળવી રાખવાના ચુસ્ત અને ઉગ્રવાદી સમર્થકોનું વર્ચસ્વ વધી જતાં પરિવર્તનની પ્રક્રિયાને સનાતનની વિચારધારાના મૂળરૂપ તરફનો અંજામ આપવાનું કરસનદાસજીનું સ્વપ્ન અધૂરૂં રહી ગયું. બીજી તરફ શુધ્ધ સનાતનની વિચારધારાના ચુસ્ત અમલ માટેના આગ્રહી એવા આપણી સમાજના કેટલાક બિનસતપંથી ભાઈઓમાં આ બાબતે રોષ ઉભો થયો અને સતપંથી ભાઈઓ શુધ્ધ સનાતની વિચારધારાને સો ટકા અપનાવે તેવા આગ્રહ સાથેની ઝુંબેશ ચાલુ કરાવી. આમ અખિલ ભારતીય લેવલના આપણા ગૌરવવંતા સમાજમાં સાંપ્રદાયિક બાબતે ઉગ્ર લડતનાં મંડાણ થયાં. તેના કારણે આપણા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સંપ, સંગઠન અને સેવા બાબતે ઉજવળ પ્રતિષ્ઠા હતી તેને હાનિ પહોંચવાની શરૂઆત થઈ.

મેં આગળ ઉલ્લેખ કર્યા મુજબ, સમાજ લેવલની મારી ત્રિવિધ સેવાઓ દરમ્યાન હું સમાજમાં જુદી જુદી વિચારધારાને અપનાવતા ભાઈ-બહેનોના સંપર્કમાં આવ્યો છું. તેમની સાથેની વાતચીતના આધારે સમાજના બહુમતિ વર્ગનું માનવું છે કે સમાધાનકારી વલણ અપનાવી, એકબીજાના વિચારો અને દ્રષ્ટિબિંદુને સમજી એકબીજાની નજીક આવી સમાજની એકતા બાબતને અગ્રિમતા આપી આગળ વધવું જોઈએ. જાહેરમાં ભલે ન બોલતા હોય પરંતુ રૂબરૂમાં મળતાં આ જ અભિગમ અપનાવવામાં સાર છે તેમ મોટા ભાગના લોકોનો અભિપ્રાય છે તેમ મારૂં એસેસમેન્ટ છે. સતપંથી વિચારધારાના મુદ્દે ઉગ્ર આંદોલન તેની ચરમ સીમાએ પહોંચતાં તે બાબતે મેં કરેલા અભ્યાસના આધારે મારાં અવલોકનોનો ઉલ્લેખ કરી આ બાબતે કેન્દ્રીય સમાજે વિધાયક વલણ અપનાવી જે જરૂરી તે ઘટતું કરવું જોઈએ તેવા ઉલ્લેખ સાથે મહામંત્રીશ્રી/ પ્રમુખશ્રી-શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને ઉદેશીને લખેલ પત્ર તા.૧૮.૮.૨૦૧૦ના રોજ નખત્રાણા ખાતેના સમાજના કાર્યાલયમાં રૂબરૂ આપેલ હતો. મારા તા.૧૮.૮.૨૦૧૦ના ઉપરોક્ત પત્રના છેલ્લા ત્રણ પેરેગ્રાફ સહિતનો ભાગ તેના તે જ સ્વરૂપે રજુ કરૂં છું.

"ઉપર ઉલ્લેખ કર્યા મુજબ પરિવર્તનનો દોર કોઈવાર ઝડપી ગતિએ અને કોઈવાર ઓછી ઝડપે સતત ચાલુ છે તે મહેસુસ કરી શકાય તેમ છે છતાં સમાજના સુવર્ણ જયંતિ વર્ષે જ પરિવર્તનના ૧૦૦% પાલન માટે ઉપાડેલ ઝુંબેશ આશ્ચર્ય ઉપજાવે તેમ છે અને તે જેહાદનું સ્વરૂપ લે તે જ્ઞાતિ એકતા માટે અવરોધક છે. જ્ઞાતિ એકતા માટે આગ્રહી એવા સમજદાર સનાતની સજ્જનોનું આ બાબતે અકળ મૌન શાનું સુચક છે?

ક્રમશ થયેલા પરિવર્તનની પ્રક્રિયાને ધ્યાનમાં લઈ વિધાયક વલણ લઈ જ્ઞાતિ એકતા માટે સહયોગી બનવા સૌ જ્ઞાતિજનોને નમ્ર અપીલ છે.

આ બાબતે અત્યારે ચાલતા SMS/ E-Mail થકી આક્રમક ઝુંબેશ હાથ ધરનાર યુવાન મિત્રોને રૂક જાવની સૂચના સમાજના પ્લેટફોર્મ પરથી આપવા મારી નમ્રભાવે વિનંતિ છે"

Stop Email Campaign. Has not mentioned that information in emails is wrong

મને વૈદિક સતપંથ ઈતિહાસની માહિતી ક્યાંથી અને કેવી રીતે મળી તે વિશે પણ અત્રે ઉલ્લેખ કરૂં તો તે અસ્થાને નહીં ગણાય. સને ૨૦૦૯માં મારી તબિયત અસ્વસ્થ થતાં ઓગસ્ટ ૨૦૦૯થી શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના મહામંત્રી તરીકેની જવાબદારીમાંથી મુક્ત થયો. ત્યારબાદ સને ૨૦૦૯ના અંતે સતરાવાળા ઉમા વિદ્યાપીઠ (વલથાણ,સુરત)માંની સ્કૂલ મેનેજીંગ કમિટિ SMCના ચેરમેન તરીકેની જવાબદારીમાંથી પણ મુક્ત થયો. મારી સાથે ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને SMCમાં જ મારી સાથે સેવા આપતા માનનીય શ્રી જીવરાજભાઈ લીંબાણી(M.tech)ને SMCના ચેરમેન તરીકેનો ચાર્જ સોંપ્યો. ડોકટરી સલાહ મુજબ પ્રથમ અમદાવાદ ખાતે અને પછી ભુજ ખાતે આરામ સહિત સમય વ્યતિત કરવાનું થયું. મારા ભુજ ખાતેના નિવાસ દરમ્યાન કચ્છમાં નિરોણા નજીક હરીપરામાં રહેતા મુરબ્બી વડિલ શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી મારા સમાચાર પુછવા આવ્યા તે દરમ્યાનની વાતચીતમાં સમાજમાં ચાલતા સતપંથ - સનાતન વિવાદનો મુદ્દો આવતાં તેમણે તે વાતનો દોર હાથમાં લીધો. તેમને આ સંદર્ભે તેમની પાસે જે માહિતી હતી તે મને જણાવી. તે અંગે તેમણે લખેલ અને પ્રસિદ્ધ કરેલ પુસ્તિકા : વૈદિક અથર્વવેદ બ્રાહ્મણ સતપંથ ઈતિહાસની એક નકલ મને આપી અને તેને વાંચવા ભલામણ કરી. થોડા સમય બાદ તેઓ ફરીથી મારા ખબર અંતર પુછવા આવ્યા ત્યાં સુધીમાં મે તેમની પુસ્તિકા વાંચી લીધી હતી. તેઓ મળ્યા કે તરત જ મેં કહ્યુ કે આવી મનઘડંત વાતો મારા માન્યામાં આવે તેમ નથી. તો તેમણે ગુસ્સે થઈને જણાવ્યું કે મેં જે લખ્યું છે તે સત્ય છે અને ખોટું હોય તેમ નક્કી થાય તો મારો શિરચ્છેદ કરાવવા તૈયાર છું. તેવો ગુસ્સાસભર પ્રતિભાવ આપી મારે ત્યાંથી નારાજ થઈ વિદાય થયા. મારી તબિયતમાં અંશતઃ સુધારો થતાં હું એમના ગામ હરીપરા (નિરોણા) ગયો. તેમને રૂબરૂ

It seems that few people have colluded to write this book or fool the author.

If people at Pirana can change the old books, why can't it completely discard the books and declare that the original (un-corrupted or absolutely unchanged vedas are their only and sole religious books)

Atleast Satpanth Samatan Samaj can declare so.

Book

This book is false and is written by a Satpanth supporter with the aim of falsely projecting Satpanth to be a part of Hindu religion

મળીને શાંતિથી સમજાવ્યું કે, આ જમાનામાં સત્યને પણ આધાર પુરાવા જોઈએ અને તો જ લોકો તેને માને. તો તમારી આ પુસ્તિકામાં જે અથર્વવેદી સતપંથના ઈતિહાસનો ઉલ્લેખ કરેલ છે તે માહિતી તમે જે આધારથી મેળવી તેના રેફરન્સનો ઉલ્લેખ કરવો જરૂરી છે. તેમને તેમની યાદદાસ્ત ઢંઢોળીને જણાવ્યું કે, નખત્રાણા તાલુકાના ખેડૂતો દ્વારા જીનિંગ પ્રેસીંગ એન્ડ સેલ સોસાયટી રચવામાં આવેલી. તેના પ્રમુખ તરીકે ખેડૂતોના કપાસની ગાંસડી બંધાવી અમદાવાદ કોટન કોર્પોરેશન માર્કેટમાં ગાંસડીના સેમ્પલ લઈ જવાની અને વેચવાની જવાબદારી નખત્રાણાના એક સહકારી કાર્યકર સહિત અમને સોંપવામાં આવેલી. આ કામે હું અમદાવાદ જતો ત્યારે સતપંથ ભાઈઓની મંગલપાર્ક ખાતેની સમાજવાડીમાં ઉતરતો. સને ૧૯૭૮માં આ કામે અમદાવાદ ગયો ત્યારે માર્કેટયાર્ડથી સમાજવાડીએ આવ્યો ત્યાં હોલમાં એક બાપા સુતા હતા. તેઓ અગાઉ કચ્છમાં નિરોણાથી આગળ અમરગઢ ખાતે રહેતા અને મારાથી પરિચિત તેવા વડીલ પ્રેમજીભાઈ વાલજી હતા. તેઓ હાલમાં સાબરકાંઠામાં અમરગઢ કંપામાં રહે છે. પરસ્પર હાલહવાલ પુછ્યા બાદ પ્રેમજીબાપાએ કબાટમાંથી એક થેલી કાઢીને મારી સામે મુકી. તેમાંથી એક પુસ્તક કાઢી મને આપ્યું તે ઋગ્વેદનું હતું, બીજુ પુસ્તક કાઢીને આપ્યું તે યજુર્વેદનું હતું અને ત્રીજુ પુસ્તક મને આપ્યું તે સામવેદનું હતું. પ્રેમજીબાપાએ કહ્યું કે, આ પુસ્તકો અમને પીરાણેથી મળ્યાં છે. અથર્વવેદનું ગુજરાતીમાં ભાષાંતર કરાવવાનું નક્કી થતાં અને તેની જવાબદારી મારા સહિત કંપાના ચાર ભાઈઓને સોંપાતાં અથર્વવેદને ભાષાંતર માટે શાસ્ત્રીજી મહારાજને આપી આવ્યા છીએ. બાકીનાં પુસ્તકો પીરાણે પરત સોંપવા માટે મને જવાબદારી આપવામાં આવી છે. તે સોંપવા પીરાણા જઈ રહ્યો છું. આ પુસ્તક ખોલતાં અંદર માત્ર વેદના મંત્રો. અંદરના પાનાં એટલા જુનાં કે ઉથલાવીએ તો ટુટી પડવાની બીક લાગે. એક પછી એક પુસ્તકોનાં પાનાં સાવચેતીથી ઉથલાવતો ગયો. છેલ્લે સામવેદના પુસ્તકના પાનાં ઉથલાવતાં તેના છેલ્લા પાને એક પુસ્તિકા નીકળી. તેમાં અથર્વવેદ સતપંથનો ઈતિહાસ સંક્ષિપ્તમાં લખાયેલો હતો. તે પુસ્તિકા વાંચી મને પ્રકાશ થયો અને હું ગદગદ થઈ ગયો કે સંવત ૧૫૯૦ થી ૧૮૩૨ સુધી આપણા પૂજ્ય વડીલો જે ધર્મના અનુયાયીઓ હતા અને તેઓ જે વેદને માનતા હતા તે વેદો મારા હાથમાં ! તે ઈતિહાસના આધારે મેં "વૈદિક અથર્વવેદ બ્રાહ્મણ સતપંથ ઈતિહાસ" નામની પુસ્તિકા લખેલી છે તેમ રતશીબાપાએ સ્પષ્ટતા કરી. આ રેફરન્સ આપી મારી શંકાનું સમાધાન કરાવવા બદલ મેં તેમનો આભાર માન્યો. રતનશીબાપાએ વધુમાં જણાવ્યું કે, વેદના અસલ ઉપરોક્ત પુસ્તકો પ્રેમજીબાપા પીરાણા સંસ્થાનમાં પરત સોંપી આવ્યા છે. એ રીતે વૈદિક અથર્વવેદ સતપંથનો અસલ ઈતિહાસ પીરાણા સંસ્થાન ખાતે હોવો જોઈએ.

મેં રતનશીબાપાને કહ્યું કે, તમો કહો છો તેમ જો અસલ વેદપુસ્તકો પીરાણા સંસ્થાનમાં જ હોય તો તમે પીરાણા આવી તેની ખાત્રી કરાવવા તૈયાર છો? તેમણે તરત જ કહ્યું કે, હા હું ચોક્કસ આવવા તૈયાર છું. તેથી અમદાવાદ ખાતેના મારા સ્નેહીશ્રી ભાઈલાલભાઈ પટેલ (C.A)ને ફોન કરી પ્રેમદાસ બાપુને આ અંગે જાણ કરી અમારા પીરાણા જવાની તારીખ નિયત કરાવી લેવા વિનંતી કરી. પ્રેમદાસ બાપુએ જાણ કર્યા મુજબની તારીખે હું, રતનશીબાપા અને અમરગઢના અરજણભાઈ એમ અમે ત્રણ જણા પીરાણા ગયા. તેમણે કરેલ ગોઠવણ મુજબ ગાદિપતિની રૂમમાં અમે કચ્છથી ગયેલ ત્રણ જણા, પ્રેમદાસબાપુ, ગાદિપતિ અને ત્યાંના એક ટ્રસ્ટી એમ મળી છ જણાએ પ્રથમ તબક્કે સવારના ૧૦.૦૦ થી બપોરના ૧.૦૦ અને બીજા તબક્કે બપોર બાદ ૩.૦૦ થી ૬.૦૦ સુધી એમ છ કલાક આ સંદર્ભમાં વિચારોનું આદાન પ્રદાન કર્યું. અમારી વાતોનો ૮૦% ભાગ તેમને સ્વીકાર્ય હોય તેમ અમને લાગ્યું. પણ અસલ વેદો પીરાણા કેન્દ્ર સ્થાને છે તેવો કોઈ અહેસાસ થઈ શક્યો નહીં.

Original Vedas

ત્યાંથી પરત આવ્યા બાદ રતનશીબાપા સાથે આ બાબતે ચર્ચાનો દોર આગળ ચાલ્યો. મેં તેમને જણાવ્યું કે, તમારી વાત યથાર્થ છે તેમ હવે તો તો જ મનાય કે પ્રેમજીબાપા સ્વયં એમ કહે કે, મેં રતનશીભાઈને વેદનાં અસલ પુસ્તકો આપ્યાં હતાં અને તેમાંથી સામવેદના છેલ્લા પાને મળેલ પુસ્તિકા તેમણે વાંચી હતી. તેમણે જણાવ્યું કે, તમો જયારે ઇચ્છો ત્યારે પ્રેમજીબાપાને ત્યાં અમરગઢકંપા જાતે આવવા તૈયાર છું. અમોએ કચ્છમાં જ રહેતા તેમના પરિવારના જ એવા શશીકાન્તભાઈ પાસેથી મુરબ્બી પ્રેમજીબાપાના પુત્ર મણીભાઈનો ફોન નંબર મેળવી તેમનો સંપર્ક કર્યો. તેમણે જણાવ્યું કે બાપાની ઉંમર ૯૮ વર્ષની થઈ છે. ઉંમરના કારણે અશક્તિ આવી ગઈ છે અને આરામ પર છે. તેમ છતાં તમે આવવાનો કાર્યક્રમ બનાવશો તો બાપાને અચૂક મળાવશું. નિયત થયેલ કાર્યક્રમ મજબ હું અને રતનશીબાપા પ્રથમ અમદાવાદ ગયા, ત્યાંથી અમારી ગાડીમાં વડાલી ગયા અને ત્યાંથી સમાજના Ex ટ્રસ્ટી જીવરાજબાપા તથા સવાસલાકંપાના ગોપાળભાઈને સાક્ષીરૂપે સાથે લઈ અમરગઢકંપા ગયા અને મુરબ્બી વડિલ પ્રેમજીભાઈ વાલજીને મળ્યા. રતનશીભાઈને જોઈ તેઓ તેમને ઓળખી ગયા. રતનશીભાઈએ તેમને જુની વાતો યાદ કરાવી. પ્રેમજીબાપાએ કહ્યું કે હા, મેં રતનશીભાઈ ને અસલ વેદનાં પુસ્તકો વાંચવા આપ્યાં હતાં. તેમાંના એક પુસ્તકના છેલ્લા પાને એક નાની પુસ્તિકા નીકળી હતી તે રતનશીભાઈએ વાંચીને ખુશી વ્યકત કરી હતી. પ્રેમજીબાપાને મળી અમે મુરબ્બી વડિલ શ્રી હરજીભાઈ લાલજીને પણ તેમના કંપે મળ્યા હતા અને તેમની સાથે પણ આ મુદ્દે વાર્તાલાપ કર્યો હતો.

ત્યાંથી પરત આવ્યા બાદ વડિલ શ્રી રતનશીબાપાની તબિયત લથડતાં હું હરીપરા (નિરોણા) ખાતે તેમના ખબર અંતર પુછવા ગયો. મેં તેમને જણાવ્યું કે તમારી ઉંમર હાલ ૮૬ વર્ષની થઈ. મારી ઉંમર ૭૭ વર્ષની થવા જઈ રહી છે. "ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે" તે મુજબ કાલનો કોઈ ભરોસો નથી. આપણામાંથી કોઈપણ એકનું નિધન થઈ જાય તો એકની ગેરહાજરીમાં બીજો આ બાબતે પ્રકાશ પાડવા કોશિશ કરે તો સાંભળનાર આપણને ગાંડા ગણે. તો આપણી કથનીને ઉજાગર કરે તેવી એફિડેવીટ (સોંગંદનામુ) કરી આપવા તમારી તૈયારી છે ? તરત જ તેમણે તે બાબતે હકારાત્મક પ્રતિભાવ આપ્યો. એટલે એક દિવસ હું તેમને ભુજ લઈ આવ્યો. તા. ૩૦.૫.૨૦૧૧ ના ૨૩૭૩ નંબરના નોન જયુડીસીયલ સ્ટેમ્પ પેપર પર તેમણે આ સંદર્ભે સોંગદનામું લખી આપ્યું અને શ્રી ડી.વી.ગઢવી (નોટરી)ની ઓફિસમાં તેને સીરીયલ નંબર ૪૯૧ થી રજીસ્ટર કરાવ્યું. તા.૨૫.૬.૨૦૧૧ના રોજ રજિસ્ટર થયેલા સદર સોગંદનામા નં. ૪૯૧ની નકલ અનેક્ષર-I તરીકે આ સાથે સામેલ રાખેલ છે જે સ્વયં સ્પષ્ટ છે.

ગત વર્ષ સને ૨૦૧૨માં પણ સમાજની સાંપ્રત સમસ્યાઓ પૈકી અગ્રીમ હરોળની એક સમસ્યા: સતપંથ સનાતન વિવાદ શાંત પડવાને બદલે યથાવત ચાલુ રહ્યો હતો. તે છેક શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્લેટફોર્મ સુધી પહોંચ્યો હતો. ઊંઝા ખાતેની મિટીંગોમાં પણ આ વિવાદનો મુદ્દો પહોંચ્યો હતો. આ વિવાદ સંબંધી લખાણની પત્રિકાનું વિતરણ ચાલુ થઈ ગયું હતું. સતપંથ વિરોધની પત્રિકાઓમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સતપંથી એવા કણબીઓ મા ઉમાને ફાતમા બીબી તરીકે ગણે છે અને તે રીતે તેઓ માતાજીનું અપમાન કરે છે. તેથી તેમની વિરુધ્ધ ઠરાવ કરવા માંગ કરતો પત્ર અને રજુઆતો કરવામાં આવી હતી. આ મુદ્દે મારે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી સાથે થયેલ વાતચીત મુજબ બંને પક્ષના નક્કી થયેલ આગેવાનો / પ્રતિનિધિઓ સાથે બેસી ચર્ચા કરવા તથા થયેલ આક્ષેપોમાં સત્યાર્થતા કેટલી છે તે બાબતે સવાલ જવાબ માટે તૈયાર હોય તો જ આ બાબતને ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન હાથ ધરી શકે. તે બાબતે સમિતિ બનાવી તેનાં તારણો કારોબારીમાં મુકી તેના આધારે જ સામાન્ય સભામાં તેને અનુરૂપ ઠરાવ રજુ કરી શકાય તેમ તેમનો અભિગમ સ્પષ્ટ કર્યો.

સતપંથ સામે થયેલ આક્ષેપોની પત્રિકા મારા હાથમાં આવતાં સતપંથી વિચારધારામાં માનતા સતપંથી આગેવાનો પાસેથી તે બાબતે સ્પષ્ટતા મળી શકે, મારી પાસેના સતપંથ સંબધી તથ્યોને તેમની સામે વિસ્તારપૂર્વક મુકીને તે બાબતે તેમનો અભિગમ જાણવા મળી શકે તથા ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખશ્રીના આ પ્રશ્ન હાથ ધરવા અંગેના અભિગમને સતપંથી આગેવાનો સમક્ષ રજુ કરી તેમનો પ્રતિભાવ જાણી શકાય તેવા ત્રિવિધિ હેતુસર સતપંથી એવા અગ્રીમ આગેવાનોનો સંપર્ક

કરવા પ્રયત્ન શરૂ કર્યો. હરીપુરાકંપાના ભાઇશ્રી મણીભાઇ પોકારનો સંર્પક થઇ શકયો. મારા વેવાઇ શ્રી રઘુભાઇ પોકાર(મારાં પુત્રવધુ ડો.પન્નાબેન રૂડાણીના પિતાજી)ના નિવાસ સ્થાન(રાયણનોમાળ, ધનસુરા)ખાતે અમારી મુલાકાત થઇ. મેં તેમની સાથે વિગતે ચર્ચા કરી. પ્રેરણાપીઠ (પીરાણા)ના અગ્રીમ હરોળના આગેવાનો સાથે આ બાબતે વિસ્તારપૂર્વક મારા વિચારો રજુ કરવા છે અને તેમનો અભિગમ જાણવો છે તેમ મેં તેમને જણાવ્યું. શ્રી મણીભાઇ પોકાર જેઓ આગળના સમયના B.E.Civil ડીગ્રીધારી છે તે અભ્યાસુ તથા બ્રોડ માઇન્ડેડ છે તેમને મારી માહિતી સભર વાતોમાં રસ પડયો. તેમણે પ્રેરણાપીઠના અગ્રીમ હરોળના આગેવાનોનો સંપર્ક કરી આ બાબતથી તેમને અવગત કરાવ્યા. સૌનો એકમતે અભિપ્રાય લઇ, તા.૧૦.૪.૨૦૧૩ના રોજ પ્રેરણાપીઠ ખાતે આવી સતપંથ અંગે મારા અભ્યાસનાં તારણો અને અન્ય બાબતો તેમની રમક્ષ રજુ કરવા મને આમંત્રણ આપવામાં આવ્યું. તા. ૧૦.૪.૨૦૧૩ના રોજ શ્રી મણીભાઇ પોકાર B.E.Civil સાથે તેમની ગાડીમાં હું પ્રેરણાપીઠ (પીરાણા) ખાતે ગયો. તેમના કોન્ફરન્સ રૂમમાં પ્રેરણાપીઠની કોર કમિટીના પ્રેમદાસ બાપુ સહિતના ઉપસ્થિત સભ્યોએ મને આવકાર્યો. મે સળંગ અઢીથી ત્રણ કલાક સુધી મારાં તારણો અને વિગતો તેમને સવિસ્તાર જણાવ્યાં. મારાં તારણો અને વિગતોથી તેઓ સંતુષ્ટ થયા હતા તેવો મને અહેસાસ થયો. મિટીંગ પછીના તેમના પ્રતિભાવોથી મને લાગ્યું કે મારી પ્રેરણાપીઠ ખાતેની આ મુલાકાત જરૂર ફળદાયી નિવડશે.

Book

પ્રેરણાપીઠ ખાતેથી મારી વિદાય વખતે આ આગેવાનોએ મને તા.૧૭-૧૮-૧૯ નવેમ્બર-૨૦૧૨ના રોજ ઉજવાયેલ શ્રી નાનકદાસજી મહારાજ દશાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત કરેલ સ્મૃતિગ્રંથ આપ્યો. મેં તેના પાછલા પેજમાં છપાયેલ શ્રી ઉમિયા માતાજી સંબંધી લખાણ વાંચ્યું અને નીચેની લીટીઓ પર મારૂં ધ્યાન ખેચાયું.

"માતાના રૂપે આશીર્વાદ આપો, હે મા !
અમારી ભૂલચૂક થઇ હોય તો ક્ષમા કરો અમે તારાં બાળકો છીએ"

ઉપરોકત પાછલા પેજની અંશતઃ ઝેરોક્ષ નકલ એનેક્ષર-II તરીકે સામેલ રાખેલ છે.

આ આગેવાનોએ મને જણાવ્યું કે અમો આપણી કુળદેવી મા ઉમિયાને માતાના સ્વરૂપે જ ભજીએ છીએ. પરિવર્તનની પ્રક્રિયા પહેલાં સૈયદોના ભેળસેળિયા સાહિત્યમાં જે હશે તે અમને માન્ય નથી. તે વખતે થયેલ ભૂલોની અમે મા પાસે ક્ષમા યાચના કરી છે. વધારામાં તેમણે પ્રેરણાપીઠની સતપંથ પ્રકાશન સમિતિને માન્ય હોય તેવાં પ્રકાશનોની યાદી બહાર પાડેલ છે તેની મને એક નકલ આપી. તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, " આ યાદી સિવાયનાં કોઇપણ પુસ્તકો સતપંથ સંપ્રદાયના નામે સમાજમાં વેચાતા કે

વંચાતા હોય તેવાં પુસ્તકો સાથે સતપંથ સંપ્રદાયને તથા સતપંથ પ્રકાશન સમિતિને કોઇ સંબંધ નથી જેની દરેક સતપંથી અનુયાયીઓએ નોંધ લેવી "

જાહેર નિવેદન તરીકે બહાર પડેલ ઉપરોક્ત યાદીની અંશતઃ નકલ અનેક્ષર - III તરીકે સામેલ છે.

તેમણે જણાવ્યું કે, અમારા માન્ય પ્રકાશનોમાં મા ઉમિયાનો કયાંય પણ ફાતમા બીબી તરીકે ઉલ્લેખ નથી તે સ્પષ્ટ છે. તેમણે મને વિનંતી કરી કે, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો સાથે અમારી મુલાકાત ગોઠવી આપો કે જેથી અમો ઉપરોક્ત કે અમારા વિષેની અન્ય જે ગેરસમજ હોય તે રૂબરૂ મળીને દૂર કરી શકીએ. ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા સમાધાનના જે પ્રયાસ થશે તેમાં અમારો પૂરતો સહયોગ રહેશે જ તેવી તેમણે ખાત્રી આપી.

તેમના માન્ય પ્રકાશનોની યાદી જોતાં જ અનુક્રમ નં. ૧ થી ૪ પર ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો સમાવેશ થયેલો જોવા મળ્યો. જેમાં આવૃતિ, પ્રત અને પેજના કોલમમાં ખાલી જગ્યા હતી. તેથી સ્પષ્ટ થયું કે, આ પુસ્તકો અસલ મળેલા વેદના પુસ્તકો છે; જે પ્રેમજીબાપાએ પીરાણા સંસ્થાનમાં પરત સોંપેલાં હતાં તે જ હશે. એ રીતે મારી શોધનો છેલ્લો મુદ્દો પણ પુરો થયો અને મને સંતોષ થયો.

Cocked up Story

સમાજના જુદી જુદી વિચારધારાને માનતાં મારા ભાંડુઓને અમારી શોધયાત્રાને યર્થાથ રીતે મુલવવા વિનંતી છે. એકબીજાના દ્રષ્ટિબિંદુઓને અને ભાવનાઓને પરસ્પર કોઇપણ જાતના પૂર્વગ્રહો રહિત સમજવા કોશિશ કરીએ અને આપણી આ કોશિષમાં પરમ કૃપાળુ પરમાત્મા અને જગત જનની મા ઉમા આપણને પ્રેરિત કરી બળ પુરૂં પાડે તેવી અભ્યર્થના સહિત વિરમું છું. અસ્તુ.

વિશ્રામભાઇ આર. રૂડાણી
(નિવૃત્ત પ્રિન્સિપાલ)

ડો. સુરેશ વિશ્રામભાઇ રૂડાણી
રૂડાણી હોસ્પિટલ, લોટસ એરીયા,
જી.કે.જનરલ હોસ્પિટલ સામે,
ભુજ-કચ્છ. પીન - ૩૭૦૦૦૧.

૨, વિશ્રામ પાર્ક સોસાયટી
આર.સી.પટેલ સ્કૂલ સામે,
વાસણા, અમદાવાદ.
પીન - ૩૮૦૦૦૭.

મો. ૯૪૨૭૬૧૬૭૯૪

એનેક્ષર-II

શ્રી ઉમિયા માતાજી



અર્થ : ત્રિશુલ, પટ્ટિશ, ઢાલ, બાણ અને મુંઠ ને
પોતાના હસ્તો માં ધારણ કરતાં,
સેવન કરવા યોગ્ય, શોભતી છ ભુજાઓ વાળાં,
સુંદર નયનવાળાં દિવ્ય વસ્ત્રાલંકાર
ધારણ કરતાં ઉજ્જવળ અંગોવાળાં,
વૃષભના વાહનવાળાં, દેવતાઓમાં શ્રેષ્ઠ,
ભક્તોનાં મનમાં ઉમંગ ઉપજાવતાં,
દિવ્ય તેજથી સોહતાં,
લક્ષ્મી આપનારાં ઐશ્વર્યવંતા
શ્રી કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાજીને
મારા વંદન હો ॥૧॥

शुलं पट्टिश खडग विशिखान मुणुंदधानां करैः ।
सेव्या शोमन षड भूजां सुनयनां दिव्याम्बरां लंकृताम् ॥
शुभ्रागा वृषवाहना सुखरां भक्त्रेत्सवां शालिनी ।
वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी प्रदात्री मुमाम् ॥१॥

માતાના રૂપે આશીર્વાદ આપો, હે મા !
અમારી ભૂલ ચૂક થઈ હોય તો ક્ષમા કરો અમે તારાં બાળકો છીએ.

भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

એનેક્ષર-I

ગુજરાત गुजरात GUJARAT

U 442392

તારીખ : અ.નંબર : 2393
ખરીદનારનું નામ :
રહેઠાણ : સ્ટેમ્પની કિંમત :
ખરીદનારની સહી :

Sr. No.

NOTARY D. V. GADHAVI Advocate Bhuj - Kutch Area-Kachchh Dist. Reg. No. NTR/ 2391 GOVT. OF GUJARAT (INDIA)

સોગંદનામું

હું નીચે સહી કરનાર શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી (પટેલ), ઉંમર વર્ષ : આશરે ૮૬ વર્ષ, વ્યવસાયે : નિવૃત્ત, રહેવાસી : હરીપર (નિરોણા), તા. નખત્રાણા, જિલ્લો કચ્છ, ગુજરાત, મારા સત્યધર્મની પ્રતિજ્ઞા ઉપર સોગંદપૂર્વક જણાવું છું કે :

(૧) સને ૧૯૭૭ માં, નાખત્રાણા (કચ્છ) મધ્યે, તાલુકાના ખેડૂતો દ્વારા કોટન જીનિંગ પ્રેસીંગ એન્ડ સેલ સોસયટીની રચના કરવામાં આવી અને તેમાં મને પ્રમુખ સ્થાન આપવામાં આવ્યું. ખેડૂતોના કપાસની ગાંસડીઓ બંધાવી અમદાવાદ કોટન કોર્પોરેશન માર્કેટયાર્ડમાં આ ગાંસડીના સેમ્પલ લઈ જવાની અને તેનું વેચાણ કરવાની જવાબદારી મને અને નાગલપર (કચ્છ) ના એક આગેવાન ભાઈને સોંપવામાં આવેલી.

(૨) સને ૧૯૭૮ ના માગસર માસમાં ઉપરોક્ત કામે હું અમદાવાદ આવેલો. માર્કેટ યાર્ડમાં કામ પતાવી ગીતા મંદિરથી આગળ જતાં ભલાભાઈ પાર્ક પાસેના મંગળ પાર્ક ખાતેની

રતનશી લાલજી પટેલ

D. V. GADHAVI
Advocate. Notary-Kutch

સતપંથ ભાઈઓની સમાજવાડી ખાતે આવ્યો. ત્યાં મને વડિલ શ્રી પ્રેમજીભાઈ વાલજીભાઈનો ભેટો થયો. તેઓ પહેલાં અમરગઢ (નિરોણા) ખાતેના નિવાસી હતા. હાલ તેઓ અમરગઢ કંપા (જિ.સાબરકાંઠા) ના નિવાસી છે. પ્રેમજીબાપા મને ઓળખી ગયા અને તેમણે મને પ્રેમ પૂર્વક આવકાર આપી પાસે બેસાડયો. કબાટમાંથી એક ગાંસડી અને થેલી કાઢી મારી સામે મુક્યાં. થેલીમાંથી એક પુસ્તક કાઢી મને આપ્યું. તે પુસ્તક ઋગ્વેદનું હતું. પૂઠું મજબૂત પણ અંદર પાનાં એટલાં જૂનાં કે ઉથલાવીએ તો ટુટી જવાની બીક લાગી, છતાં પુસ્તક ખોલતાં તેમાં માત્ર વેદના મંત્રો, કોઈ ભાષાંતર નહિં. બીજુ પુસ્તક યજુર્વેદ અને ત્રીજુ પુસ્તક સામવેદનું હતું.

(૩) પ્રેમજીબાપાએ કહ્યું કે આ પુસ્તકો તેમને પિરાણેથી મળ્યાં છે. પ્રેમજીબાપાએ તે બાબતે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, અત્યારે પિરાણાની કમિટીમાં સુશિક્ષિત વર્ગ સામેલ છે. તેમને સતપંથનો સાચો ઈતિહાસ જાણવાની જીજ્ઞાસા થતાં, તેઓએ તત્કાલિન ગાદીપતિ પાસે અસલ જુનાં પુસ્તકો જોવાની અને તેનો અભ્યાસ કરવાની ઉત્કંઠા વ્યક્ત કરી. ગાદીપતિએ બતાવેલાં ચાલુ પુસ્તકોથી આ સભ્યોને સંતોષ થયો નહિં. કમિટીના આ સભ્યોએ ગાદીપતિ પર વધુ દબાણ કરતાં, તેમણે એક ડેલાની ચાવી આપી. તેને ખોલતાં આખો રૂમ પુસ્તકોથી ભરેલો હતો તે પૈકી એક ખૂણામાંથી ચાર વેદ મળ્યા. આ વેદો કમિટી પાસે લઈ જવાયા. આ ચાર વેદો પૈકી અથર્વવેદના મંત્રોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો. તે અનુસાર અથર્વવેદનું ભાષાંતર કરવા સૂચવાયેલ વિદ્વાન પંડિતોનો સંપર્ક કરી અસલ અથર્વવેદ તેમને ભાષાંતર અર્થે સોંપવામાં આવેલ છે. બાકીના ત્રણ અસલ વેદ: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદને પિરાણા સંસ્થાનમાં પરત સોંપવાની જવાબદારી પ્રેમજીબાપાને સોંપવામાં આવેલ છે. તે જવાબદારી અદા કરવા જ તેઓનું અમદાવાદ ખાતે આગમન થયેલ છે તેમ તેમણે વધુમાં સ્પષ્ટતા કરી. આ અસલ વેદો મુરબ્બી પ્રેમજી બાપાએ પિરાણા સંસ્થાનને પરત સોંપેલ છે તેની ખાત્રી ત્યાર બાદની પ્રિ. (નિવૃત્ત) વિશ્રામભાઈ આર. રૂડાણી ની હાજરીમાં અમરગઢ કંપા ખાતે પ્રેમજી બાપાની રૂબરૂ મુલાકત લઈ તેમના સ્વમુખે સાંભળી ખાત્રી કરેલ છે. તેથી તે સત્ય છે તે સોગંદપૂર્વક જણાવું છું.

(૪) ઋગ્વેદ ઉપરાંત યજુર્વેદ અને સામવેદનાં પૂઠાં મજબૂત પણ અંદરનાં પાનાં એટલાં જુનાં કે ઉથલાવતાં ટૂટી પડવાની બીક લાગે. છતાં મેં સદર જુના પસ્તકોનાં પાનાં હળવેથી ઉથલાવ્યા. સામવેદનાં પાનાં ઉથલાવતાં છેલ્લા પાને મને લગભગ ૨૮ પેજની એક પુસ્તિકા દેખાણી જેમાં "વૈદિક અથર્વેદ બ્રાહ્મણ સતપંથ" ની સ્થાપનાની કેફ્યિત વર્ણવામાં આવેલી. સદર પુસ્તિકા વાંચતાં, વૈદિક જીવ હોવાથી, મેં રોમાંચ અનુભવ્યો. તેમાં એક રોમાંચકારી ઐતિહાસિક સત્ય છૂપાયેલું હતું. તે અનુસાર 'સતપંથ' નો સ્થાપક હિંદુ હતો અને પારસી પરિવારમાં તેના વચગાળાના શરણ અને ઉછેર વખતે તેમનુ નામકરણ 'ઈરાનશાહ' તરીકે થયું હતું. પારસી પરિવારોમાં સેવકોને 'કાકા' થી સંબોધવામાં આવે છે. તે રીતે ઈરાનશાહે તેમના ગીરમટા ટેકરી ખાતેના વૈદિક આશ્રમના તેમના પછી પણ સુચારૂ સંચાલન માટે આશ્રમના મુખ્ય સંચાલક તરીકે નિમાતા ગાદીપતિનું કાકાસાહેબ તરીકે નામાભિધાન નિયત કર્યું હતું. આ સંશોધિત ઐતિહાસિક સત્યને ઉજાગર કરતી આ પુસ્તિકા મેં જાતે વાંચી છે તે હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવુ છું.

રતનશી ભાલજી પટેલ

D. V. GADHAVI
Advocate, Notary-Kutch

આ તથ્ય જાણતાં જ મારા આત્મામાં પ્રકાશ થયો અને હું ગદગદ થઈ ગયો કે, મારા પૂજ્ય વડિલો વિ.સં. ૧૫૯૦ થી ૧૮૩૨ એમ ૨૪૨ વર્ષ સુધી જે ધર્મને પાળતા હતા તે તો વૈદિક ધર્મ હતો અને તેથી તેઓ જનોઈ ધારણ કરતા હતા.

૫) આ સંશોધિત સત્ય ઈતિહાસને સમાજનાં સૌ ભાઈ બહેનો આગળ ઉજાગર કરવાની ઈશ્વર કૃપાયે મને ઈચ્છા થતાં, "વૈદિક અથર્વવેદ બ્રાહ્મણ સતપંથ ઈતિહાસ" ના નામે મે પુસ્તિકા પ્રસિધ્ધ કરેલ છે. આ પુસ્તકમાં રજુ કરેલ હકિકતો ક્યા આધારે લખી છે તે પ્રશ્ન ઉભો થતાં તે બાબતે સ્પષ્ટતા કરવાના હેતુસર તેના રેફરન્સ બાબતે પ્રતિતિજન્ય ખુલાસો થાય તે માટે તથા ઐતિહાસિક તથ્યોને ઉજાગર કરવામાં સહાયક બને તે હેતુસર આ સોગંદનામું કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો જણાવેલ છે તે સત્ય છે તે મારા સત્યધર્મની પ્રતિજ્ઞાએ સોગંદપૂર્વક રજુ કરૂં છું.

ખોટું સોગંદનામું કરવું તે ગુનો છે તેની મને જાણ છે.

ઉપરોક્ત વિગતો ખરી છે તેની ઈશ્વર સાક્ષીએ કબૂલાત આપુ છું.

સ્થળ : ભૂજ (કચ્છ)

(રતનસીભાઈ લાલજી હળપાણી)



S. No. 491 - 20

(SOLEMNLY AFFIRMED)

BEFORE ME

(D.V. Gadhavi) "NOTARY"

(District of Kachchh)

BHUJ

25 JUN 2011

એનેક્ષર-III

નિવેદન

સતપંથ પ્રકાશન સમિતિ - પ્રેરણાપીઠ - પીરાણા. તા. દસક્રોઈ. જિ. અમદાવાદ

આથી અમો આ નિવેદનથી આપ સૌને એ જણાવવા માગીએ છીએ કે સતપંથ પ્રકાશન સમિતિ એ સતપંથ સંપ્રદાયના ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરતી નોંધાયેલ સંસ્થા છે. આ સંસ્થા સતપંથ ધર્મનો પ્રચાર અને પ્રસાર થાય, સતપંથ ધર્મનું મૂળતત્ત્વ જળવાય અને અનુયાયીઓની આસ્થાનું જતન થાય, અનુયાયીઓ આદર્શ જીવન જીવે, રાષ્ટ્રધર્મ અને કૌટુંબિક ભાવના તેમજ સામાજિક સુસંસ્કારો જળવાય તેવા મૂળભૂત પ્રમાણિત પુસ્તકોનું પ્રકાશન અને વિતરણ કરે છે. આજ સુધીમાં આ સંસ્થા દ્વારા પ્રમાણિત તથા પ્રકાશિત પુસ્તકાઓની યાદી આ સાથે સામેલ છે. આ યાદી સિવાયના કોઈપણ પુસ્તકો સતપંથ સંપ્રદાયના નામે સમાજમાં વેચાતા કે વંચાતા હોય તેવા પુસ્તકો સાથે સતપંથ સંપ્રદાયને તથા સતપંથ પ્રકાશન સમિતિને કોઈ સંબંધ નથી. જીજી દરેક સતપંથ અનુયાયીએ નોંધ લેવી

અ.નં.	પુસ્તકનું નામ	આવૃત્તિ	પ્રત	પેજ
૧	ઋગ્વેદ			
૨	યજુર્વેદ			
૩	સામવેદ			
૪	અથર્વવેદ			
૫	અથર્વવેદીય આધારીત સતપંથ.............	પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૯૧......................	૨૦૦૦	
	યજ્ઞવિધિ (પૂજાના મંત્રો)	બીજી આવૃત્તિ - ઈ.સ. ૧૯૯૪ માર્ચ...............	૨૦૦૦	૨૦૦
		ત્રીજી આવૃત્તિ - ઈ.સ. ૧૯૯૮ જૂન.................	૧૦૦૦	૨૦૬
		ચોથી આવૃત્તિ - ઈ.સ. ૨૦૦૧ ઓક્ટો.............	૧૫૦૦	૨૦૬
		પાંચમી આવૃત્તિ - ઈ.સ. ૨૦૦૬ માર્ચ............	૧૫૦૦	૨૦૬
		છઠ્ઠી આવૃત્તિ - ઈ.સ. ૨૦૧૦	૧૦૦૦	૨૦૬

પ્રાર્થના

કરો રક્ષા વિપદમાંહી, નથી એ પ્રાર્થના મારી
વિપદથી ના ડરું કોદી, પ્રભુ એ પ્રાર્થના મારી.
મળે દુ:ખો તાપથી શાંતિ, નથી એ પ્રાર્થના મારી
સહુ દુ:ખો શકુ જીતી, પ્રભુ એ પ્રાર્થના મારી.
સહાય કો ચઢો આવી, નથી એ પ્રાર્થના મારી
તૂટોના આત્મબળ દોરી, પ્રભુ એ પ્રાર્થના મારી.
પ્રભુ લે પાર ઉતારી, નથી એ પ્રાર્થના મારી
તરી જાવા ચાહું શકિત, પ્રભુ એ પ્રાર્થના મારી.
હરિ બોજો હરી લે તું, નથી એ પ્રાર્થના મારી
ઉઠાવી હું શકુ સહેજે, પ્રભુ એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરૂ ભાવે, દુ:ખી અંધાર રાત્રીએ
ન શંકા તું વિષે આવે, પ્રભુ એ પ્રાર્થના મારી.

શાંતિ પાઠ

ૐ ધૌ શાંતિ અંતરિક્ષ ૐ શાંતિ પૃથિવી શાંતિ
રાપ: શાંતિષૌધય: શાંતિ । વનસ્પતય: શાંતિ
વિશ્વેદેવા શાંતિ બ્રહ્મ શાંતિ સર્વ ૐ શાંતિ શાંતિ
રેવ શાંતિ સામ: શાંતિ રેધી । ૐ શાંતિ શાંતિ
॥ ૐ શાંતિ શાંતિ ૐ ॥


કુળદેવી શ્રી ઉમિયા માતાજી